


પ્રભુકૃપા એ એવી વસ્તુ છે જે તમને ધ્યેય પ્રતિ દોરી જાય છે. તમારા મન દ્વારા એને સમજવાનો પ્રયત્ન કરશો નહિ. એ રીતે તમે કંઈ પણ સમજી શકવાના નથી. કારણ કે કૃપા એ એટલી મહાન વસ્તુ છે, જે માનવીય શબ્દો દ્વારા તથા માનવીય લાગણીઓ દ્વારા ક્યારે પણ સમજાવાઈ શકી નથી.

શ્રી માતાજી

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

## અખિલ ભારત પત્રિકા

### શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઓગસ્ટ-૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૧૧ સળંગ અંક ૩૯૭

# અનુક્રમ

## વિભાગ-૧ સૂર્યપ્રકાશિત માર્ગ


કૃષ્ણ સાથે સીધો અભિગમ ૩
પ્રભુની હાજરીનો સર્વત્ર અનુભવ કરવો ૪
પ્રાર્થનાની અસરકારકતા ૭
વેદાન્તીની પ્રાર્થના (કાવ્ય) ૧૦
અંગત મુક્તિ ૧૪


☆

## વિભાગ-૨ ઈશ્વરની કરુણા


ઈશ્વરીય કરુણા ૧૭
ઈશ્વરની કરુણા અને ઈશ્વરની કૃપા ૧૮
મહાન વૈશ્વિક કરુણા ૨૦
પ્રાર્થના અને ધ્યાન, ૧૨ જુલાઈ, ૧૯૧૮ ૨૨
કરુણા અને કૃતજ્ઞતા - ચૈતસિક ગુણો છે ૨૪
ઈશ્વર અને ક્ષમાશીલતા ૨૫


☆

## વિભાગ-૩ યુવાનો માટે


ક્ષમાનો આદર્શ (વાર્તા) ૨૮
આપણું ભારત ૩૧
ખોરાક વિશે માર્ગદર્શન ૩૨


❀


વૃત્ત વિશેષ ૩૬




# કૃષ્ણ સાથે સીધો અભિગમ

## શ્રી અરવિન્દની કરુણા

કૃષ્ણ વિશે કહેવાનું કે શા માટે તેમની સાથેનો સીધો અને સરળ અભિગમ તમારે ન રાખવો ? જો તમે પ્રાર્થના કરો તો શ્રદ્ધા રાખો કે તે સાંભળે છે જ. જો પ્રત્યુત્તર મેળવવામાં લાંબો સમય લાગે તો શ્રદ્ધા રાખો કે તે જાણે છે અને પ્રેમ કરે છે તેમજ સમયની પસંદગી કરવામાં તે સૌથી વધુ પ્રાજ્ઞ છે. તે દરમિયાન તમે તમારો આધાર શુદ્ધ કરો જેથી કરીને એને આવતી વખતે પથ્થરો કૂદીને તથા જંગલમાંથી માર્ગ કાઢીને આવવું ન પડે. આ મારું સૂચન છે અને હું જાણું છું કે હું શું કહી રહ્યો છું - તમે ગમે તે કહો, પરંતુ માનવમુશ્કેલીઓ અને સંઘર્ષો વિશે હું બહુ સારી જાણકારી ધરાવું છું અને એનો ઉપાય પણ હું જાણું છું - અને માટે જ જે વસ્તુઓ - મુશ્કેલીઓ તેમ જ સંઘર્ષોને ઓછાં કરે અને ટુંકાવે - એ વસ્તુઓ છે - ચૈતસિક વલણ, શ્રદ્ધા, સંપૂર્ણ અને સરળ વિશ્વાસ અને પ્રભુ પર આધાર રાખવો તે.



# પ્રભુની હાજરીનો સર્વત્ર અનુભવ કરવો

બાળક : મધુર માતાજી, આ પ્રશ્ન મેં મને પોતાને ઘણી વાર પૂછયો છે. હું જ્યારે પ્રભુને પ્રાર્થના કરું છું, અમુક વસ્તુ બરાબર નથી એમ હું જ્યારે પ્રભુને સમજાવવા માગું છું ત્યારે મને હંમેશાં એમ લાગતું રહ્યું છે કે મારે ખૂબ જ એકાગ્રતા કરવી જોઈએ, અને કંઈ નહિ તો કોઈ દૂર દૂરની વસ્તુને પુકાર કરવો જોઈએ. આ શું બરાબર છે ? કે એ પછી ખરેખર.....

શ્રી માતાજી : એનો આધાર આપણા પોતાના ઉપર છે !

મને તો, તમે જાણો છો કે, હરેક સ્થળે પ્રભુનો અનુભવ થઈ રહ્યો છે, બધો જ વખત, બધો જ વખત..... અને તે છેક સ્થૂલ સુધી. હા એ સ્થૂલ તે સૂક્ષ્મ કોટિનું સ્થૂલ છે, પણ એ સ્થૂલ છે-વસ્તુઓમાં, હવામાં, લોકોમાં...આમ (માતાજી પોતાના ચહેરા ઉપર પોતાના હાથ દબાવે છે) અને પછી મારે દૂર જવાની જરૂર રહેતી નથી, મારે માત્ર આટલું જ કરવાનું રહે છે (માતાજી પોતાના હાથ સહેજ અંદરની બાજુએ વાળે છે) એક સેકન્ડ હું એકાગ્ર બની જાઉં છું-અને પ્રભુ ત્યાં હોય છે જ ! પ્રભુ ત્યાં હોય છે જ, પ્રભુ બધે જ છે. એ તો આપણે જ્યારે એમ માનીએ કે પ્રભુ દૂર છે ત્યારે જ તે દૂર છે.

હા, આપણે જ્યારે વિશ્વરૂપ ચેતનાની બધી જ કક્ષાઓનો, બધી જ ભૂમિકાઓનો વિચાર કરવા બેસીએ અને પછી એમ ધારીએ કે પ્રભુ એ બધાની પાર, છેક છેલ્લે છેડે, છેલ્લે છેડે, ઊંચે ઊંચે આવી રહેલા છે, ત્યારે પછી ખરેખર પ્રભુ બહુ જ દૂર દૂરના બની જાય છે ! પણ આપણે જ્યારે એમ વિચારીએ કે પ્રભુ તો સર્વત્ર રહેલા છે, આ બધી વસ્તુઓ તે પ્રભુ પોતે જ છે, અને એ તો આપણી પોતાની જોવાની રીત એવી છે કે જેથી આપણે પ્રભુને જોઈ શકતા નથી, અનુભવી શકતા નથી અને આપણે તો માત્ર આમ જ કરવાનું રહે છે (માતાજી પોતાના હાથ અંદરની બાજુએ વાળે છે) એ ક્રિયા આવી હોય છે (માતાજી પોતાના હાથ વારાફરતી અંદરની બાજુએ અને બહારની બાજુએ વાળે છે) અને એ પછી બહુ જ નક્કર વસ્તુ બની જાય છે. તમે આમ કરો (બહારની બાજુએ હાથ) અને બધું કૃત્રિમ થઈ જાય છે, કઠણ થઈ જાય છે, શુષ્ક, ખોટું, અસત્ય, હા, કૃત્રિમ થઈ જાય છે. અને તમે આમ કરો (અંદરની બાજુએ હાથ) અને બધું વિશાળ બને છે, શાંત બને છે,



તેજોમય, શાંતિમય, વિસ્તૃત, સુખમય બને છે. અને એમાં માત્ર આટલું જ હોય છે, આટલું જ (માતાજી પોતાના હાથ વારાફરતી અંદર અને બહારની બાજુએ વાળે છે) આ બધું કેવી રીતે ? કયાં ? એનું વર્ણન આપી શકાય તેમ નથી, એ માત્ર, માત્ર ચેતનાની જ એક ક્રિયા છે, બીજું કાંઈ જ નહિ. એ ચેતનાની એક ક્રિયા છે. અને સાચી ચેતના અને ખોટી ચેતના વચ્ચેનો તફાવત વધુ ને વધુ..... ચોક્કસ થતો જાય છે, અને સાથે સાથે પાતળો પણ-એ તફાવતમાંથી બહાર આવવા માટે તમારે કંઈ બહુ 'મોટી' વસ્તુઓ કરવાની રહેતી નથી. પહેલાં તો તમને એમ લાગતું હોય છે કે તમે કોઈક વસ્તુમાં પુરાઈ રહેલા છો અને એમાંથી બહાર નીકળવા માટે તમારે ખૂબ જ અંતર્મુખ થવાનું રહે છે, ખૂબ જ એકાગ્રતા, તન્મયતા કેળવવાની રહે છે, પણ હવે તમને એમ લાગે છે કે આ વસ્તુને તમે સ્વીકારેલી છે (માતાજી પોતાનો હાથ પોતાના ચહેરાની સામે એક પડદાની માફક મૂકે છે) આ વસ્તુ જાણે કે એક પાતળી છાલ જેવી છે, પણ બહુ જ કઠણ-બહુ જ કઠણ પણ વાળી વળી શકે તેવી, એ બહુ બહુ સુક્કી છે, પણ બહુ પાતળી છે, બહુ પાતળી છે. આપણે કોઈ બુરખો પહેર્યો હોય તેના જેવી, અને પછી તમે આમ કરો છો (હાથની ક્રિયા) અને એ જતી રહે છે.

એક વખત એવો પણ આવે છે કે જ્યારે તમારે આ બુરખા વિશે સભાન રહેવાની જરૂર રહેતી નથી અને એ સમય તમને અગાઉથી દેખાય છે. પેલી વસ્તુ એવી તો પાતળી થઈ જશે કે, તમારે ફરીથી બુરખો પહેરવાની જરૂર રહેશે નહિ, અને તમે એ વસ્તુની આરપાર જોઈ શકશો, એમાં રહીને અનુભવ કરી શકશો, કામ કરી શકશો.

પણ જગતની સર્વ વસ્તુઓમાં પ્રભુનું આ જે સાંનિધ્ય રહેલું છે... એ એક આંદોલન રૂપે હોય છે,-પણ એ આંદોલન એવું કે એમાં બધી જ વસ્તુઓ આવી રહેલી હોય છે. એ આંદોલનમાં એક રીતની અનંત શક્તિ હોય છે, અનંત આનંદ અને અનંત શાંતિ હોય છે, અને એમાં વિશાળતા, હોય છે, વિશાળતા, એવી તો વિશાળતા, કે એમાં કોઈ સીમા જ નહિ.... પણ એ કેવળ એક આંદોલન જ હોય છે, ના, એ....ઓહ, ભગવાન ! તમે એને વિશે વિચાર કરતા નથી હોતા, એટલે એને વિશે કાંઈ કહી શકતા પણ નથી. અને જો તમે એનો વિચાર કરવા બેસશો તો જે ક્ષણે તમે વિચાર શરૂ કરશો કે ફરી પાછો બધો જ ગોટાળો શરૂ થઈ જશે. એટલે જ તમે એને વિશે પછી કાંઈ બોલી શકતા નથી.

ના, પ્રભુ બહુ દૂર દૂર છે એમ તમે ધારો છો એટલા માટે એ બહુ દૂર

દૂર છે. પણ તમે જો એમ ધારો કે પ્રભુ અહીં છે, આમ (પોતાના ચહેરા તરફ હાથ કરીને) તમને અડી રહેલા છે... તમને એમનો અનુભવ થતો હોય તો પણ તમને એ દૂર દૂર લાગશે. એ તમે કોઈ માણસને મળતા હોય એવું કંઈ નથી, એ વસ્તુ એવી નથી. એ કોઈ વિજાતીય વસ્તુ નથી, એ કોઈ બહાર રહેલી વસ્તુ નથી, બહારથી આવીને એ અંદર પ્રવેશતી નથી. પ્રભુ એવા નથી... એ તો સર્વત્ર છે.

એટલે તમને સર્વત્ર અનુભવ થાય છે, સર્વત્ર, સર્વત્ર-અંદર બહાર, સર્વત્ર, સર્વત્ર, એના સિવાય બીજું કાંઈ જ નહિ-એ,એનું આંદોલન.

ના, એ વાત તો તમારે બંધ જ કરવી પડશે (મગજની), એ તમે બંધ નહિ કરશો ત્યાં લગી તમે સાચી વસ્તુ જોઈ શકવાના નથી-તમે સરખામણીઓ શોધવા લાગો છો, તમે કહો છો, 'એ આના જેવું છે, પેલાના જેવું છે', ઓહ !

(મૌન)

અને કેટલી બધી વાર, કેટલી બધી વાર આપણને થાય છે.... ત્યાં કોઈ રૂપ નથી હોતું-રૂપ હોય છે અને નથી હોતું, તમે એને વિશે બોલી શકતા નથી. અને તમને લાગે છે કે કોઈ જોઈ રહ્યું છે અને ત્યાં આંખો હોતી નથી-આંખો નથી હોતી અને છતાં કોઈ જોતું હોય છે-કોઈ જોતું હોય છે, હસતું હોય છે એને મોં નથી હોતું, કોઈ આકૃતિ હોતી નથી ! અને છતાં કોઈ સ્મિત કરતું હોય છે, કોઈ જોતું હોય છે અને (માતાજી હસે છે) તમે કહ્યા વગર રહી શકતા નથી, 'હા, પ્રભુ, હું મૂર્ખ છું !' પણ પ્રભુ હસે છે, અને તમે હસો છો અને તમને આનંદ રહે છે.

પણ એ વાત તો નહિ જ ! એ વાત સમજાવી શકાય તેવી નથી. એને વિશે કંઈ કહી શકાય તેમ નથી. તમે કશું જ કહી શકતા નથી, તમે જે કાંઈ કહો તે શૂન્ય હોય છે, શૂન્ય.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૦ પૃ. ૧૭૩ થી ૧૭૬)



# પ્રાર્થનાની અસરકારકતા

માણસનું જીવન એટલે જરૂરિયાતોથી ભરેલું જીવન; એટલે જ ઇચ્છાઓથી ભરેલું જીવન; અને આ ઇચ્છાઓ અને જરૂરિયાતો માત્ર શારીરિક કે જીવન અંગેની જ નહિ પણ માનસિક અને આધ્યાત્મિક પણ ખરી, માણસને જ્યારે વિશ્વનું સંચાલન કરી રહેલી કોઈક મહાશક્તિનું ભાન થાય છે ત્યારે તે પોતાની જરૂરિયાતો પૂરી પાડવા માટે, પોતાની કઠિન યાત્રામાં મદદ માટે, સંગ્રામમાં સંરક્ષણ અને સહાય માટે તેની સમક્ષ પ્રાર્થનાપૂર્વક ખડો થાય છે. ભગવાન સમક્ષ પ્રાર્થનાપૂર્વક પહોંચવાના સામાન્ય ધાર્મિક વલણમાં ભલે ગમે તેટલી પ્રાકૃતતા હોય (અને ઘણી હોય છે, ખાસ કરીને એવું વલણ કે જે એમ માને છે કે ભગવાનને સ્તુતિ, યાચના અને ભેટની લાંચ આપીને, તેની ખુશામત કરીને, તેને રીઝવીને શાંત કે પ્રસન્ન કરી શકાય છે. અને જે, ભગવાન પાસે જવા પાછળની ભાવનાનો ભાગ્યે જ વિચાર કરે છે તે પ્રાકૃત જ છે) તેમ છતાં ભગવાન પ્રત્યે અભિમુખ થવાની આ રીત એ આપણી ધર્મપરાયણ જાતની એક તાત્ત્વિક વૃત્તિ છે અને તે એક વિશ્વવ્યાપી સત્ય ઉપર મંડાએલી છે.

પ્રાર્થનાની અસરકારકતા વિશે ઘણી વાર શંકા ઉઠાવવામાં આવે છે અને પ્રાર્થનાનો સ્વીકાર જ તર્કહીન છે, તથા તે અર્થહીન અને પરિણામશૂન્ય તો છે જ એમ પણ માનવામાં આવે છે. એ વાત સાચી છે કે વિશ્વવ્યાપી સંકલ્પશક્તિ પોતાના હેતુને હમેશાં બર લાવે જ છે અને અહંતાભરી યાચના કે રીઝવણી વડે તેમાં વિક્ષેપ કરી શકાતો નથી; વળી પરાત્પર ચેતના કે જે વિશ્વ-વ્યવસ્થામાં પોતાને વ્યકત કરે છે તે સર્વજ્ઞ હોવાથી તેનું સર્વવ્યાપી જ્ઞાન પોતાને કરવાનાં કાર્યને અગાઉથી જોઈ જ શકતી હોય છે અને તેને માનવીય વિચારોનાં માર્ગદર્શન અને પ્રોત્સાહનની જરૂર નથી પડતી તથા માનવ-વ્યક્તિની ઇચ્છાઓ વિશ્વ-વ્યવસ્થામાં કોઈ પણ જગ્યાએ સાચું નિર્ણાયક તત્ત્વ છે પણ નહિ અને હોઈ પણ ના શકે એ પણ સાચું જ છે. પણ એ વિશ્વ-વ્યવસ્થા, કે વિશ્વ-સંકલ્પનો વહીવટ કોઈ યંત્રવત્ કાનૂન વડે જ પૂરેપૂરો પાર નથી પડતો; પણ એવી શક્તિઓ અને પરિબળો વડે પાર પડે છે કે જેમાં માનવના સંકલ્પ, અભીપ્સા અને શ્રદ્ધા એ પણ કાંઈ બિલકુલ મહત્ત્વ

વિનાનાં નથી,-માનવજીવન માટેતો મહત્ત્વનાં ખરાં જ. પ્રાર્થના એ આ સંકલ્પ, અભીપ્સા અને શ્રદ્ધાને અપાતું એક ખાસ સ્વરૂપ છે. એમ અપાતાં સ્વરૂપ ઘણી વાર પ્રાકૃત અને, માત્ર બાલસહજ જ નહિ (જોકે એ પોતે કાંઈ એક ખામી નથી) પણ બાલિશ પણ હોય છે; છતાં પણ તેમાં સામર્થ્ય હોય છે,-અને તેનો અર્થ પણ છે. તેનું સામર્થ્ય અને અર્થ એ છે કે તે માનવના સંકલ્પ, અભીપ્સા અને શ્રદ્ધાને સચેતન સ્વરૂપના એક એવા દિવ્ય સંકલ્પ સાથે સંપર્કમાં મૂકી આપે છે કે જેની સાથે આપણે સચેતન અને જીવંત સંબંધ સાધી શકીએ છીએ. કારણકે આપણી સંકલ્પશક્તિ અને અભીપ્સા કાં તો માત્ર આપણી પોતાની જ શક્તિ અને પુરુષાર્થના જોરે કાર્ય કરી શકે છે (અને તેમને, હલકા યા તો ઉચ્ચ હેતુઓ માટે, અતિ બળવાન અને અસરકારક કરી શકાય છે), - અને એવા ઘણા સાધન-માર્ગ છે કે જે તેમને જ એકમાત્ર સ્વીકાર્ય શક્તિ ગણે છે -, અથવા તો, તે શક્તિ અને પુરુષાર્થ દિવ્ય કે વિશ્વવ્યાપી સંકલ્પશક્તિનો આશરો લઈને કે તેને આધીન થઈને પણ કાર્ય કરી શકે છે. અને આ બીજી રીતમાં પણ બે દૃષ્ટિબિંદુ છે. એક દૃષ્ટિબિંદુ એવું છે કે જે આ પરમ સંકલ્પશક્તિને, આપણી અભીપ્સાનો પ્રત્યુત્તર આપતી તો માને જ છે પણ લગભગ યાંત્રિક રીતે, શક્તિના કોઈક નિયમને અનુસરીને,-બીજું કાંઈ નહિ તો વ્યક્તિત્વહીન રીતે તો ખરી જ. તો બીજું દૃષ્ટિબિંદુ એમ માને છે કે તે પરમ સંકલ્પશક્તિ માનવ-આત્માની દિવ્ય અભીપ્સા અને શ્રદ્ધાને સચેતન રીતે જવાબ આપે છે અને તેણે માગેલ મદદ, માર્ગદર્શન, સંરક્ષણ અને સિદ્ધિ સચેતન રીતે તેને આપે છે, 'યોગક્ષેમનું વહન' કરી લાવે છે.

પ્રાર્થના આપણે માટે આ સંબંધ તૈયાર કરવામાં સહાયરૂપ થાય છે; શરૂઆતમાં એટલે કે જ્યારે, જે કાંઈ નરી અહંતા અને આત્મવંચના જ હોય તેની સાથે તે બંધબેસતી થઈ ગએલી હોય છે ત્યારે પણ તે આવી સહાય તો કરે જ છે પણ નીચલી કક્ષામાં; પણ પછીથી, તેની પાછળ રહેલા આધ્યાત્મિક સત્ય પ્રત્યે આપણે ગતિ કરી શકીએ છીએ. ત્યારે માગેલી વસ્તુઓ તે આપણને આપે તે અગત્યનું નથી રહેતું, પણ સંબંધ પોતે, માનવજીવનનો પ્રભુ સાથેનો સંપર્ક, સચેતન આપ-લે એ જ અગત્યનાં બની જાય છે. આધ્યાત્મિક બાબતોમાં અને આધ્યાત્મિક ફળપ્રાપ્તિમાં આ સચેતન સંબંધ મહાસમર્થ વસ્તુ છે; તે આપણી નરી આત્મનિર્ભર મથામણ અને પુરુષાર્થના કરતાં અનેકગણો સમર્થ છે, અને તે આધ્યાત્મિક વિકાસ અને અનુભૂતિને વધારે પૂર્ણ રીતે આણી આપે છે. ખચીત, અંતે તો, પ્રાર્થના આપણને જેને



માટે તૈયાર કરી રહી હતી તે વધારે વિશાળ વસ્તુમાં પોતે અલોપ થઈ જાય છે,-હકીકતમાં તો જ્યાં સુધી શ્રદ્ધા, સંકલ્પ અને અભીપ્સા મોજૂદ હોય ત્યાં સુધી આપણે જેને પ્રાર્થના કહીએ છીએ તેવું કોઈ સ્વરૂપ પોતે અનિવાર્ય નથી હોતું-; અથવા, અલોપ ના થઈ જાય તોપણ તે સંબંધના ઉપભોગને ખાતર જ ટકી રહે છે. વળી, તેણે ઝંખેલી વસ્તુઓ, 'અર્થો', 'સ્વાર્થો', વધારે ને વધારે ઊર્ધ્વ જાતના થતા જાય છે; અને છેવટે, અન્ય કોઈ પણ ઝંખના કે માગણી વિનાની, શુદ્ધ અને સરળ દિવ્ય પ્રેમરૂપ, સર્વોચ્ચ, નિષ્કામ, નિઃસ્વાર્થ ભક્તિ બની જાય છે.

આવાં વલણને પરિણામે પ્રભુ સાથે જે સંબંધ વિકાસ પામે છે તે એક બાળક પ્રત્યે હોય તેવો દિવ્ય પિતા કે માતાનો સંબંધ હોય છે, અથવા એક દિવ્ય સખા તરીકેનો પણ હોય છે.........

પણ મા અને બાળક તરીકેનો સંબંધ આના કરતાં પણ વધારે નિકટનો અને ગાઢ હોય છે, અને તેથી જ્યાં જ્યાં ધાર્મિક વૃત્તિ ખૂબ જ ઉષ્માભરી હોય છે અને માનવહૃદયમાંથી ઊર્મિ તરીકે ઊછળી આવતી હોય છે ત્યાં ત્યાં તે ખૂબ જ મોટો ભાગ ભજવે છે. માનવ-આત્મા, સુખમાં અને દુઃખમાં જગદંબા પ્રત્યે દોડી જાય છે અને મા ભગવતી પણ એમ જ ઇચ્છતી હોય છે કારણ કે તેથી તે પોતાના પ્રેમપૂર્ણ હૃદયનો સ્રોત વહેતો મૂકી શકે છે. માનવ-આત્મા પણ તેની પ્રત્યે દોડી જાય છે કારણ કે આવો પ્રેમ સ્વયંભૂ હોય છે અને તે આપણને, આ ભવરણની રઝળપાટ પછી આપણા પોતાના ઘરનો, અને આપણા આશ્રયસ્થાન-રૂપ માતૃહૃદયનો માર્ગ દેખાડે છે.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય ગ્રંથ-બીજો પૃ. ૨૮ થી ૩૧)

# The Vedantin's Prayer

Spirit Supreme
Who musest in the silence of the heart,
Eternal gleam,

Thou only Art!
Ah, wherefore with this darkness am I veiled,
My sunlit part

By clouds assailed?
Why am I thus disfigured by desire,
Distracted, haled,

Scorched by the fire
Of fitful passions, from thy peace out-thrust
Into the gyre

Of every gust?
Betrayed to grief, o'ertaken with dismay,
Surprised by lust?

Let not my grey
Blood-clotted past repel thy sovereign ruth,
Nor even delay,

O lonely Truth!
Nor let the specious gods who ape Thee still
Deceive my youth.

These clamours still;
For I would hear the eternal voice and know
The eternal Will.



# વેદાન્તીની પ્રાર્થના

**(પૃથ્વી છંદ)**

અહો પરમ દેવ, અંતર તણી પ્રશાંતિ વિશે
રહ્યા ચિતવતા, અહો પરમ શાશ્વતા હે પ્રભા,
તુંહિ અકેલ આ વિશ્વમાં !

અરે, ક્યમ મને મહા તમસ આ રહ્યું વીંટતું ?
અરે, મુજ પ્રકાશ ભોમ પર કાં ત્રુટે વાદળો?
અરે, મુજ સ્વરૂપને વિકૃત કાં કરે કામના ?

ઉદગ્ર ક્યમ વાસના મતિ હરંત મુજ, રે મને
જતી ઘસડી કેમ, રે જલન એની કાં બાળતી?
પ્રશાંતિ તવમાંથી દૂર ક્યમ હાય ફેંક્યો મને
બહાર હર ધૂળની ડમરીના મહા ચક્રમાં?

મને ક્યમ દગો કરી કર વિશે ધર્યો દુઃખના,
મને ક્યમ અમૂંઝણો કરી રહી જ રે કોળિયો?
અરે ક્યમ મને અચાનક ગુલાંટ દે લાલસા?
અરે રુધિર-ક્લિષ્ટ ભૂત મુજ ધૂંધળો તાહરી
દયા પરમને ન લેશ તરછોડજો, ના અરે
વિલંબ મહીં નાખજો, પરમ સત્ય એકાકી હે!
અને પ્રગટ સ્વાંગમાં તુજ થતા સદા દેવ એ
રુડા ન મુજ દો વિમૂર્છિત કરી ખરે યૌવન.

અરે શમવી દો અપાર જગ-ક્લિષ્ટ કોલાહલો,
હું તો શબદ સૂણવા પરમ શાશ્વતીનો ચહું,
હું તો ચહું જ જાણવા પરમ ઇશ-સંકલ્પને.

This brilliant show
Cumbering the threshold of eternity
Dispel, - bestow

The undimmed eye,
The heart grown young and clear. Rebuke, O Lord,
These hopes that cry

So deafeningly,
Remove my sullied centuries, restore
My purity.

O hidden door
Of Knowledge, open ! Strength, fulfil thyself !
Love, outpour !

Sri Aurobindo

(SABCL - 5 - P - 49)

## THE MESSENGER

I claim for men the peace that
shall not fail,
I claim for earth the unsorrowing
timeless bliss,
I seek God-strength for souls that
suffer in hell,
God-light to fill the ignorant Abyss.

Sri Aurobindo



વિખેરી સહું દો જ આ જગતના ઝગારા બધા
રહ્યા મચવી ભીડ જે પરમ-શાશ્વતી-ઉંબરે.
દિયો વિશદ દૃષ્ટિ, ને ઉર બનેલ હા નિર્મળું,
યુવાન; બુમરાણ આ કરત આશ-ટોળું, પ્રભુ,
દિયો જ ધમકાવી, આ મુજ કલંકિતા જિન્દગી-
તણાં વરસ સેંકડો હઠવી લો, મને માહરી
દિયો જ શુચિતા પુનઃ અયિ જ્ઞાનના દ્વાર હે !
સુગુપ્ત, બસ જા ખુલી ! પરમ શક્તિ, તું સિદ્ધ થા !
અને પ્રણય દેવ, દિવ્ય તુજ નીર વર્ષાવ તું !

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણ -૨-પૃ-૪૭૬-૭૯)

## દૂત

હું માનવો કાજ અજેય એવી
માગું છું શાંતિ, પૃથિવીની કાજ
અ-શોક કાલાત્પર મોદ માગું,
હું જીવ કાજે નરકે રિબાતા
માગું પ્રભુ-શકિત, પ્રભુ-પ્રકાશ
દેવા ભરી ખીણ અજ્ઞાન કેરી.

**-અનુ. સુન્દરમ્**

# અંગત મુક્તિ

'મોક્ષ' ની આપણે વ્યક્તિગત જરૂર નથી; કારણ કે આત્મા, 'નિત્યમુક્ત' છે અને બંધન એક ભ્રમણા છે. આપણે બંધનમાં છીએ એવો દેખાવ કરીએ છીએ. ખરેખર આપણે બંધનમાં હોતા નથી.

❋

આપણે મન દુનિયા એ નથી કોઈ શયતાનનું સર્જન, આત્માની આત્મ-વંચના; એ તો છે પ્રભુની પ્રાગટ્યભૂમિ,-ભલેને હજી સુધી અધૂરી; અને અધૂરી છે કારણ કે એ તો છે ક્રમે ક્રમે ઉત્ક્રાંત થતું પ્રાગટ્ય. એટલે આપણે માટે તો જીવનનો ત્યાગ એ ના હોઈ શકે જીવનનું ધ્યેય, કે સંસારનો ત્યાગ એ ના હોઈ શકે તેનાં સર્જનનો હેતુ.

❋

આપણે ગળે ઊતરી જાય એવો એક પ્રચલિત ખ્યાલ એ છે કે અંગત આત્માને સંસારના આ ક્ષણભંગુર જીવનમાં જનમોજનમ દેહ ધારણ કરવામાંથી કાયમી મુક્તિ મળી જાય એ જ મોક્ષનો એકમાત્ર હેતુ છે. એક વાર આ મુક્તિ પાકી થઈ ગઈ એટલે પછી આ દુનિયામાં કે અન્ય દુનિયામાં આત્માએ કાંઈ જ કર્મ કરવાનું રહેતું નથી; અથવા તો, મળી ગએલ દેહને નિભાવવા માટે કે ગત જન્મોની અસર ધોઈ નાખવા માટે જે કાંઈ કરવું પડે તે જ કરવાનું રહે છે. યોગ-અગ્નિના પ્રભાવથી આ અસર પણ બળીને ખાખ થઈ જાય, એટલે, આત્મા દેહ છોડે તેની સાથે એ કર્મ પણ પૂરું થઈ જવાનું. ઘણા ધર્મોએ ધાર્મિક લોકોના મનમાં સ્વર્ગના સુખની દિવ્ય લાલચને આત્માના ઉચ્ચતમ ધ્યેય તરીકે બેસાડી દીધી હતી, પણ તેની જગ્યાએ હવે પુનર્જન્મમાંથી છુટકારાનો ખ્યાલ પાકો થઈ ગએલો છે. જ્યારે વેદની ઋચાઓના સ્થૂળ, બાહ્ય અર્થ એક મુખ્ય સંપ્રદાય થઈ પડ્યા હતા ત્યારે હિંદુ ધર્મે પણ આરંભકાળના અને નીચી કોટીના આ આદેશનું સમર્થન કર્યું હતું; અને તે પછીના દ્વૈત-વાદીઓએ પણ તેમનાં સર્વોચ્ચ આધ્યાત્મિક ધ્યેયના ભાગ તરીકે તેનો સ્વીકાર કરેલો છે. અલબત્ત, માનસિક આનંદનાં સ્વર્ગ કે કાયમી ભૌતિક સુખોની લાલચના કરતાં મન અને દેહની મર્યાદાઓમાંથી મુક્ત બની આત્મ-પ્રદેશની શાશ્વત શાંતિ, અને નીરવતામાં નિશ્ચલ થઈ જવાની વાત વધારે ગમી જાય છે; પણ, છેવટ તો, આ પણ એક લાલચ જ છે. તેમાં રહેલ સંસારની અસારતા પ્રત્યેનો માનસિક કંટાળો કે દેહ-ધારણના પરાક્રમમાંથી પાછા



પડવાની પ્રાણની વૃત્તિ જે આગ્રહ રાખે છે તેની પાછળ એક ભીરુતા ભરાઈ બેઠેલી છે, એટલે તે હેતુ સર્વોચ્ચ ના બની શકે. અંગત મોક્ષ ગમે તેવા ઊંચા સ્વરૂપે રજૂ થાય તોપણ એ અહમમાંથી જ નીપજે છે; તેના મૂળમાં આપણી અંગતતાનો ખ્યાલ અને અંગત લાભ કે હિતની ઇચ્છા, દુઃખોમાંથી છૂટવાની ઝંખના, જન્મ-જન્માંતરની યાતનાઓના અંત માટેનો નાદ એ બધાં પડેલાં છે, અને તેમને જ એ આપણા જીવનનું ઉચ્ચ ધ્યેય બનાવે છે. પાયારૂપ આ અહમ્‌નો સંપૂર્ણ ત્યાગ કરવા માટે તો અંગત મોક્ષની ઇચ્છામાંથી પણ ઉપર ચાલ્યા જવું પડે. જો આપણે પ્રભુ જોઈતો હોય તો તે બીજા શેને ય ખાતર નહિ પણ પ્રભુને પોતાને જ ખાતર; કારણ કે એ જ છે આપણી જાતનો ઉચ્ચોચ્ચ આદેશ, આત્માનું ગહનતમ સત્ય, મોક્ષની, આત્મ-મુક્તિની, આપણી સાચી અને ઊર્ધ્વ જાતના સાક્ષાત્કારની, પ્રભુના મિલનની ઝંખના વાજબી એટલા પૂરતી જ છે કે તે આપણી પ્રકૃતિનો સર્વોચ્ચ ધર્મ છે. આપણી નિમ્ન જાતનું, સર્વોચ્ચ જાત માટેનું આકર્ષણ છે, આપણી અંદર રહેલ પ્રભુનો સંકલ્પ છે. એ જ છે એનું મોટું વાજબી-પણું અને તદ્દન સાચું કારણ......

❋

પાર્થિવ જીવનનો ત્યાગ કે આધ્યાત્મિક આત્મ-વિસર્જન વડે વ્યક્તિત્વમાંથી છુટકારો એ કાંઈ સાચો મોક્ષ નથી, પુનર્જન્મની ઘટમાળમાંથી સાચી મુક્તિ નથી; અને, એ જ પ્રમાણે, કુટુંબ કે સમાજથી દૂર ચાલ્યા જવું એ કાંઈ સાચો ત્યાગ નથી; જે પ્રભુમાં ભૂતકાળના કે ભવિષ્યના જન્મોની કોઈ મર્યાદા નથી, ઊલટાનું, જેમાં છે અજાત આત્માનું સનાતન અસ્તિત્વ, એની સાથે આંતરિક એકરૂપતા સાધવી એ જ છે સાચો મોક્ષ અને ત્યાગ. ગીતામાં કહ્યું છે : જેણે અંતરમાં મુક્તિ મેળવી છે તે કર્મો કરવા છતાં કાંઈ જ કર્મ કરતો નથી, કારણ કે તેનામાં, પ્રકૃતિના સ્વામીની આજ્ઞાનુસાર પ્રકૃતિ જ કાર્ય કરે છે. એ સો સો જન્મ ધારણ કરે છતાં એ જન્મ-મરણના ફેરામાંથી કે જીવનની ઘટમાળમાંથી મુક્ત છે, કારણ કે એ જન્મ-મરણ-હીન આત્મામાં જીવે છે, શરીરમાં નહિ.

❋

એવું કાંઈક કે જે, આપણે અત્યારે જે છીએ અને જાણીએ છીએ તેનાથી પર હોય, તેના વિશે આપણે જ્યારે અંતરમાં જાગ્રત થઈએ અને તેના માટે આપણને સજ્જડ આકર્ષણ થાય ત્યારે આપણામાં સૌથી પહેલાં જે જબરજસ્ત આવેગ ઊઠે છે તે હોય છે આપણી હાલની હયાત સ્થિતિનો ત્યાગ કરવાનો અને એ ઊર્ધ્વ વાસ્તવિક્તામાં કાયમી નિવાસ કરવાનો. આપણે જ્યારે પરમ અસ્તિત્વ

અને અનંત આનંદ પ્રત્યે ખેંચાઈ આવીએ છીએ ત્યારે આમ જે આકર્ષણ જાગે છે તેનો ઉદ્દામ પ્રકાર છે આ નિમ્ન અને સાંત અસ્તિત્વને એક માયાવી ભ્રમ ગણી કાઢવાનો અને પારલૌકિક નિર્વાણ માટે અભીપ્સા, કરવાનો, -એ છે : આત્મતત્ત્વમાં ડૂબકી દેવાની, ભળી જવાની, ભૂંસાઈ જવાની તીવ્ર ઝંખના. પણ ખરેખરો લોપ, સાચું નિર્વાણ તો છે : નિમ્ન પુરુષને જળો જેમ ચોંટેલી ખાસિયતોને છોડી ઊર્ધ્વ ખાસિયતોવાળા વિશાળ પુરુષમાં છુટકારો, પ્રતીકરૂપ જીવન પર જીવંત સત્યનો કબજો અને છેવટે આપણને ખબર પડે છે કે ઊર્ધ્વ સત્ય એ આ સર્વે નિમ્નતાનું માત્ર કારણ જ નથી, એણે આ સર્વે નિમ્નતાને માત્ર બાથમાં જ લીધેલી અને તેમાં આવી વસેલી જ નથી પણ, આપણે જેમ જેમ એને વધુ ને વધુ પ્રાપ્ત કરતા જઈએ તેમ તેમ તે સર્વે નિમ્નતા, આપણી આત્મ-અનુભૂતિમાં ઊર્ધ્વ મૂલ્યો ધારણ કરી રૂપાંતર પામતી જાય છે અને પરમ સત્યની વધારે સમૃદ્ધ અભિવ્યક્તિ માટેનું, પરમ અનંતતા સાથેના અનેકાંગી આલિંગનનું, પરમ અસ્તિત્વ પ્રત્યેના વધારે વિશાળ આરોહણનું કરણ બની જાય છે. અને આખરે આપણે નિરપેક્ષતાને અને તેનાં એવાં પરમ મૂલ્યોને પામીએ છીએ કે જે સર્વે પદાર્થોની પણ નિરપેક્ષતાઓ હોય છે, અને ત્યારે, આજ સુધી આપણામાં પડેલી મુમુક્ષા, મુક્તિની ઝંખના ચાલી જાય છે.

**શ્રી અરવિન્દ**

(SABCL, Vol-16-P-411 અને યોગમાર્ગોનો સમન્વય-ગ્રંથ-૧ પૃષ્ઠ-૩૭૬, ૩૧૦-૧૧, ૩૧૨ અને ૫૭૭-૭૮)

આપણે એક નવું જગત; એક સત્ય જગત માગીએ છીએ, ઋત-ચેતનાનું પ્રાકટ્ય માગીએ છીએ. અને તે થશે, થવું જ જોઈએ, જેટલું વહેલું થાય તેટલું વધુ સારું.

**શ્રી માતાજી**



# ઈશ્વરીય કરુણા

એક પ્રકારની દિવ્ય પ્રભુતામાંથી આવતી કરુણા છે જે આપણી અંદર ઊર્ધ્વમાંથી ઊતરી આવે છે. એ જાતની દિવ્ય કરુણા તો એવી હોય છે કે તે યુદ્ધના કાર્યને અને કલહને પણ પ્રેમભરી અને જ્ઞાનથી પ્રકાશિત દૃષ્ટિ વડે જોઈ શકે છે. માનવના બળને અને અશક્તિને, એનાં પુણ્યને અને પાપને, સુખને અને દુઃખને, જ્ઞાનને અને અજ્ઞાનને, ડહાપણને અને મૂર્ખાઈને, એની અભીપ્સાને અને નિષ્ફળતાઓને એવી કરુણા સ્થિર સામર્થ્યપૂર્વક જોઈ શકે છે અને એ બધીય સ્થિતિમાં સહાય આપવા તથા દુઃખ દૂર કરવા તથા દિલાસો આપવા પોતે એમાં પ્રવેશ કરી શકે છે. સાધુ અને પરોપકારી જનમાં એ દિવ્ય કરુણા પ્રેમની અથવા તો દયાની વિશાળતા રૂપે પ્રગટ થાય છે, ચિંતક અને વીર પુરુષમાં તે સહાયકારક જ્ઞાન અને સામર્થ્યનું રૂપ ધારણ કરે છે, આર્ય યોદ્ધામાં પણ એ દિવ્ય કરુણા રહેલી હોય છે. એ દિવ્ય કરુણા જ એની વિનીત વીરતાનો આત્મા હોય છે, જે સૂકા ઘાસના તણખલાને તોડતી નથી પરંતુ નિર્બળ, અસહાય, જુલમના ભોગ બનેલાંને, ઘાયલ થયેલાંને અને પડેલાંને રક્ષે છે, અને છતાં બળવાન જુલમગારને કે દુર્ધર્ષ પીડાકારીને મારી હઠાવે છે તે પણ એ દિવ્ય કરુણા છે. અલબત્ત, એ કરુણા વિનાશ કરે છે પણ તે તિરસ્કારથી કે કોપથી પ્રેરાઈને નહિ, કારણ કે એ ગુણો દિવ્ય સંપત્તિના નથી. ‘પાપીના પ્રત્યે પ્રભુનો કોપ, દુષ્ટ લોકો પ્રત્યે પ્રભુનો તિરસ્કાર’ વગેરે ખ્યાલો ખરું જોતાં, અર્ધવિકસિત, અર્ધપ્રકાશિત એવા ધર્મોની આખ્યાયિકાઓ છે. સનાતન કાળ સુધી ભોગવવાના નરકની કલ્પના છે તેના જેવા જ એ ખ્યાલો પણ છે. પરંતુ પ્રાચીન હિંદની આધ્યાત્મિકતાએ તો સ્પષ્ટ જોયું હતું કે એ વિનાશ કરનારી કરુણામાં, પોતાના બળથી ખોટે માર્ગે જઈ રહેલા અને પાપને લઈને મરણને નોતરી રહેલા રાક્ષસને માટે એના અન્યાયનો ભોગ બનનારા અને એનાથી બચાવવાના લોકો પ્રત્યે હોય છે તેનાં જેટલાં જ પ્રેમ અને દયા રહેલાં હોય છે.

**શ્રી અરવિન્દ**

(ગીતા નિબંધો - પૃ. ૬૮-૬૯)

# ઈશ્વરની કરુણા અને ઈશ્વરની કૃપા

પ્રભુકૃપા વિશે મને કાંઈ કહેવાનું મન થાય છે, કારણ કે તમે એવું વિચારતા લાગો છો જાણે કે દિવ્ય કૃપા કોઈ દિવ્ય તર્ક વડે- માનવ બુદ્ધિની તર્ક જેવી રૂપરેખાથી બહુ ભિન્ન પ્રકારે - કાર્ય કરતી હોય એવા પ્રકારની હોવી જોઈએ. પરંતુ તે તેવા પ્રકારની હોતી નથી. તેમ જ તે વિશ્વરૂપ દિવ્ય સહાનુભૂતિ પણ હોતી નથી. જે બિનપક્ષપાતી રીતે, જે કોઈ તેના પ્રત્યે અભિગમ રાખે અને સર્વ જે કાંઈ પ્રાર્થના કરે તે બધાને મંજૂર રાખે. તે સદ્‌ગુણી માનવીઓને પસંદ કરે અને પાપીઓને છોડી દે એવું પણ નથી. દિવ્ય કૃપા જુલમી (ટારસસના સોલ જેવા) ની મદદે આવી પહોંચી હતી. સ્વચ્છંદી સંત ઓગસ્ટિનની પાસે પણ આવી હતી. કુખ્યાત જગાઈ અને મઘાઈ પાસે, બિલ્વમંગલ અને બીજા ઘણાઓમાં પરિવર્તન લાવી છે, જેઓનું પરિવર્તન માનવની નૈતિક બુદ્ધિગમ્યતાનો વધારે આગ્રહ રાખનાર માટે નિંદાપાત્ર બને, પરંતુ તે પવિત્ર માણસો પાસે પણ આવી શકે છે અને તેમના આત્મ-સદ્‌ગુણોનો પણ ઈલાજ કરીને આ બધા સદ્‌ગુણોથી પણ ઊર્ધ્વમાં રહેલી વિશુદ્ધતર ચેતના પ્રત્યે દોરી જાય છે. તે એવી શક્તિ છે જે બધા જ નિયમોથી ઘણી ઉચ્ચતર છે અને વૈશ્વિક ધર્મથી વધારે ઉન્નત છે - કારણ કે બધા જ આધ્યાત્મિક સાધકો, એક ધર્મ (સ્થાપિત નિયમ) અને કૃપા વચ્ચેનો ભેદ સમજ્યા છે તેમ છતાં તે વિવેક બહારની હોતી નથી. ફક્ત તેનો પોતાનો વિશિષ્ટ વિવેક હોય છે. મનની અથવા બીજી કોઈ પણ સામાન્ય શક્તિ કરતાં તેના પોતાના દર્શન વડે તે વસ્તુઓ, માનવીઓ અને સાચો સમય અને પરિપાકને જુએ છે. પ્રભુકૃપાની અવસ્થા, વ્યક્તિના ગાઢ બુરખાની પાછળ તૈયાર થઈ ગઈ હોય છે અને તે એવા સાધનો દ્વારા કાર્ય કરે છે જેના વિશે મન કદી ગણતરી પણ કરી શકે નહિ અને પ્રભુકૃપા જ્યારે આવે છે ત્યારે તે કૃપા પોતે જ ફક્ત કાર્ય કરે છે. તેના માટે નીચેની ત્રણ શક્તિઓ હોય છે. (૧) કર્મનો વૈશ્વિક સિદ્ધાંત અથવા બીજું જે કાંઈ હોય તે (૨) એક દિવ્ય સહાનુભૂતિ જે વિશ્વરૂપ કર્મના સિદ્ધાંતની જાળો મારફતે તે જેટલા પ્રમાણમાં બધા માનવીઓ પાસે પહોંચી શકે તેટલા ઉપર કાર્ય કરે છે અને તેમને તક આપે છે. (૩) દિવ્ય કૃપા કોઈ પણ જાતની ગણતરીનો ખ્યાલ રાખ્યા સિવાય, પરંતુ બીજા બધા ધારે તે કરતાં પણ વધારે અગમ્ય રીતે કાર્ય કરે છે. હવે ફક્ત એક જ પ્રશ્ન છે કે આ જીવનની બધી જ જટિલતાઓની



પાછળ કોઈ વસ્તુ રહેલી છે જે જ્યાં સુધી પરમાત્માના પ્રકાશને માટે તૈયાર ન થઈ હોય ત્યાં સુધી તેના સાદને પ્રત્યુત્તર આપે - અને ગમે તેટલી મુશ્કેલીઓ હોય છતાં તે પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે - અને તે કાંઈક વસ્તુ મનોમય કે પ્રાણમય ગતિ ન હોવી જોઈએ, પરંતુ કોઈ આંતરિક વસ્તુ હોવી જોઈએ જેને આંતર-દૃષ્ટિથી બરાબર જોઈ શકાય. જો તે વસ્તુ ત્યાં હોય અને જ્યારે તે અગ્રભાગમાં સક્રિય બને તો તે દિવ્ય અનુકંપા કાર્ય કરી શકે છે, છતાં પ્રભુકૃપાનું પૂર્ણ કાર્ય હજુ પણ નિશ્ચિત નિર્ણય અથવા રૂપાંતર માટે રાહ જોઈ શકે છે; કારણ કે આ વસ્તુ ભવિષ્યની ઘડી માટે મુલતવી રહી શકે છે, કારણ કે આપણા સ્વરૂપનો કોઈ ભાગ અથવા તત્ત્વ હજુ પણ વચ્ચે વિઘ્નરૂપ બને છે અને તે ભાગ એવી કોઈ વસ્તુ છે જે હજુ સુધી તે કૃપાને ગ્રહણ કરવા માટે તૈયાર થયેલી નથી.

**શ્રી અરવિન્દ**

(યોગ વિશે પત્રો - ભાગ-૨ પૃષ્ઠ ૧૧૪-૧૧૫)

**પ્રશ્ન :-** મધુર માતાજી શ્રી અરવિન્દ ઈશ્વરની કરુણા અને ઈશ્વરની કૃપાની અસર વિશે વાત કરે છે. પણ એ બે વચ્ચે તફાવત શું છે ?

**માતાજી :-** કરુણા બધાના જ દુઃખો દૂર કરી દેવા માગે છે, માણસો એ કરુણાને લાયક હોય કે ન પણ હોય. કૃપા દુઃખોના અસ્તિત્વના અધિકારનો ઇનકાર કરે છે અને દુઃખોને દૂર કરી દે છે.

(CWM - Vol, - 16 P.346)

# મહાન વૈશ્વિક કરુણા

એક ઊંડી એવી સહાનુભૂતિની અવસ્થામાંથી પ્રભુ જડ તત્ત્વમાં કાર્ય કરે છે અને આ ઊંડી સહાનુભૂતિનું ચૈતસિક વિષાદથી સ્થૂલ તત્ત્વમાં અનુસરણ થયું છે. અને તેની વાત અહીં થઈ છે,[૧] આ વસ્તુનું આ સાંજે આપણે વાચન કરીએ છીએ એ જાણે કે કંઈક ઊલટું જ થયું છે. તે વસ્તુ તો તે જ છે, પણ આ રીતની ઊલટી રીતની (માતાજી પોતાના હાથ જોડે છે અને પછી અર્ઘ્ય આપતાં હોય તેમ ખુલ્લા કરે છે.)

સારુ, પ્રભુની સહાનુભૂતિની અવસ્થા આ રીતે ચૈતસિક ચેતનામાં દર્દ રૂપે ઊતરી આવી છે, પણ તે દુઃખ અહંકારયુક્ત નથી. એ દુઃખ વૈશ્વિક દુઃખની સાથે સહાનુભૂતિ દ્વારા તાદાત્મ્ય પ્રાપ્ત કરવાનું પરિણામ છે. પ્રાર્થના અને ધ્યાનમાં આ વિશે કહેલું છે (પાછળનાં પ્રકરણોમાંના એકમાં) મેં વિસ્તૃત રીતે મારી અનુભૂતિનું વર્ણન કરેલું છે. જેમાં મેં કહ્યું છે, ''મેં આંસુઓ પાડ્યાં, મારા જીવનના મધુરમાં મધુર આંસુઓ,''[૨] કારણ કે હું મારી જાત માટે રડતી ન હતી, તમે સમજો છો, વારુ, તે એ વસ્તુ છે. તમે જાણો છો કે માનવીઓ અહંકારના કારણે માનવીય રીતે સહન કરે છે. જ્યારે પણ દા.ત. (આ મેં વારંવાર સમજાવ્યું છે.) તેઓ જેને ચાહતા હોય તેને ખોઈ બેસે છે અને દુઃખી થઈને રડે છે. ત્યારે તેઓ પેલા માણસની કેવી અવસ્થા છે તે માટે રડતા નથી. કારણ કે ઘણોખરો સમય, સોમાંથી નવાણું માણસો તે બીજા માણસની અવસ્થા જાણતા હોતા નથી, તેઓ એમ પણ જાણી શકતા નથી કે એ માણસ સુખી છે કે દુઃખી, તે દર્દ સહન કરે છે કે શાંતિમાં છે. પરંતુ તેઓ વિરહની લાગણી અનુભવે છે તેને લઈને રડે છે. કારણ કે તેઓ ચાહતા હતા કે જે માણસને તેઓ ચાહતા હતા તે તેમની પાસે રહેવો જોઈએ અને તે વ્યક્તિ તો ચાલી ગઈ, તેથી માનવીય દુઃખના મૂળમાં **કાયમ માણસ પોતાની જાતનો જ** વિચાર કરે છે–વધારે કે ઓછી સચેતન રીતે, વધારે કે ઓછી.... કંઈ રીતે મૂકવું – જાણીબૂજીને – પણ એ કાયમ તે જ છે. જ્યારે પણ કોઈ બીજાના દુઃખે દુઃખથી રડે છે ત્યારે તેમાં કાંઈક મિશ્રણ જ

૧. પ્રશ્ન : અત્યારના દિવસોમાં એક એવા તીવ્ર દુઃખનો મને અનુભવ થાય છે કે તેને લઈને મારી આંખોમાં આંસુનું પૂર આવે છે. તેમાં કોઈ અસ્થિરતા કે અવ્યવસ્થા નથી. તેના બદલે એક શાંતિ, શુદ્ધિ અને ઊંડી ગંભીરતાની લાગણી તેની સાથે સંકળાયેલી છે. આ વસ્તુ એ જ છે – જેને ચૈતસિક દુઃખ કહેવાય ?

ઉત્તર : હા, એ પ્રકારનો ચૈતસિક વિષાદ હોય છે – પરંતુ ચૈતસિક આંસુઓ દુઃખમય હોવાં જરૂરી નથી. લાગણીના અને આનંદના આંસુઓ પણ હોય છે.

૨. પ્રાર્થના અને ધ્યાન, – ૧૨ જુલાઈ, ૧૯૧૮.



હોય છે. એક મિશ્રણ હોય છે. પણ જ્યારે ચૈતસિક વસ્તુ દુઃખની સાથે મિશ્રિત થાય છે ત્યારે તેમાં એક ઉલટ પ્રકારની કરુણાનું તત્ત્વ હોય છે. (એક ક્ષણ પહેલાં આ વસ્તુ હું તમને સમજાવવાનો પ્રયત્ન કરતી હતી) તે તેના સ્વરૂપમાં દાખલ થાય છે અને જો બન્ને તત્ત્વોને છૂટાં પાડી શકે તો, તે વસ્તુ ઉપર એકાગ્રતા કરી શકે તો, તે પોતાના અહંમાંથી બહાર નીકળી અને ઉલટ પ્રકારની કરુણા સાથે એકતા પામે છે. આ વસ્તુની મારફત માણસ બૃહદ, વૈશ્વિક કરુણાના સંપર્કમાં આવે છે, જે ઘણી બૃહદ, વિશાળ, શાંત, શક્તિશાળી, ઊંડી, પૂર્ણ શાંતિથી ભરેલી અને અનંત માધુર્યવાળી હોય છે. એટલે જ્યારે હું કહું છું કે જો કોઈ પોતાના દુઃખને કેમ ઊંડાણપૂર્વકનું કરવું એ જાણે, તેના હૃદયમાં પહોંચી જતાં આવડે, પોતાના અહંકારમય અને અંગત ભાગોથી ઉપર ઊઠીને ઊંડાણમાં જતાં આવડે, તો મહાન સાક્ષાત્કારનું દ્વાર તે ખોલી શકે છે – મારો કહેવાનો અર્થ આ છે. એનો અર્થ એવો નથી કે તમારે દુઃખને દુઃખ તરીકે શોધવું, પણ જ્યારે તે હોય છે, તમારા ઉપર આવી પડે છે, ત્યારે તમારા દુઃખના અહંકારમાંથી જો તમે ઊર્ધ્વમાં ઊઠી શકો – પહેલાં જોવું કે કયો અહંકારયુક્ત ભાગ છે, કઈ વસ્તુ તમને વેદના ઉત્પન્ન કરાવે છે, તમારી વેદનાનું કારણ કયો અહંકારયુક્ત ભાગ છે અને પછી તેનાથી ઊંચે ચડીને, તેનાથી પર થઈ, કાંઈક વૈશ્વિક તરફ, કોઈ ઊંડા સત્યના મૂળભૂત પાયા તરફ તમે જાઓ, ત્યારે તમે અનંત કરુણામાં પ્રવેશ કરો છો અને ત્યાં જે ખરેખર ચૈતસિક દ્વાર છે તે ખૂલે છે એટલે જ્યારે કોઈ મને આંસુ પાડતી જુએ છે, ત્યારે તે ક્ષણે જો કોઈ પૂરેપૂરી રીતે એકતા... અથવા પ્રયત્ન કરે – તમે સમજ્યા, આ આંસુઓમાં પ્રવેશ કરીને તેમાં ઓગળી જવાનો – ત્યારે આ વસ્તુ બારણું ખોલી શકે છે. વ્યક્તિ બારણું ખોલી શકે છે અને તેની પૂરેપૂરી અનુભૂતિ થઈ શકે છે, ખૂબ વિરલ અનુભવ અને તે તેની ચેતના ઉપર ઘણી ઊંડી અસર મૂકે છે. ઘણે ભાગે તે કદી ભૂંસાતી નથી. પણ જો બારણું ફરીથી બંધ થઈ જાય, જો તમે ફરીથી તમારી સામાન્ય ગતિવિધિઓમાં પડી જાઓ, તેમ છતાં તે ક્યાંક પાછળના ભાગમાં રહી જાય છે અને તમારા તીવ્ર એકાગ્રતાના સમયમાં તમે ત્યાં પાછા જઈ શકો છો, તમે તેના તરફ પાછા જઈ શકો છો અને તમે અનંત માધુર્યનો, મહાન શાંતિનો ફરીથી અનુભવ કરી શકો છો. દરેક વસ્તુને સમજી શકો છો – પણ બુદ્ધિથી નહીં. બધી જ વસ્તુઓ માટે જેને કરુણા હોય છે, જે બધી વસ્તુઓને પોતાના આશ્લેષોમાં લઈ શકે અને બધાંનું દુઃખ આ રીતે રુઝાવી દે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ – ૬ પૃ. ૧૪૦ થી ૧૪૨)

# પ્રાર્થના અને ધ્યાન

એકાએક, તારી સમક્ષ, મારો બધો ગર્વ ગળી ગયો. મને સમજાયું કે પોતાની જાતથી પર થઈ જવાની ઇચ્છા તારા સાંનિધ્યમાં રહીને રાખવી એ કેટલું બધું નિરર્થક છે, અને હું રડી પડી, ખૂબ ખૂબ રડી, મોકળા મને રડી. મારા જીવનનાં એ મીઠામાં મીઠાં આંસુ હતાં. આહા, એ કેવી તો વિશ્રાંતિ લાવી આપતાં હતાં, એ કેવાં તો સ્વસ્થ અને મધુર હતાં, કશી પણ શરમ વિના, કશા પણ સંકોચ વિના તારી સમક્ષ મેં વહાવેલાં એ આંસુ ! આ તે શું એક બાળક એના પિતાના બાહુમાં બેઠું હોય એના જેવું હતું ? પરંતુ એ કેવા તો પિતા ! કેવી તો ઉત્કૃષ્ટતા, કેવી તો ભવ્યતા, સમજણની કેવી તો વિરાટતા ! અને ત્યાંથી આવતા ઉત્તરમાં કેવી તો શક્તિ અને કેવી તો વિપુલતા ! હા, એ આંસુ એક પુનિત ઝાકળ જેવાં હતાં. આ તે શું હું મારા પોતાના કોઈ દુઃખને કારણે રડતી ન હતી એટલે બની આવ્યું હતું ? આહ, એ કેવાં તો મધુર, કેવાં તો મંગલ આંસુ હતાં, એ આંસુએ મારા હૃદયને તારી સમક્ષ મોકળાશથી ખોલી આપ્યું. તારાથી મને વેગળી રાખનાર રહ્યા સહ્યા અંતરાયોને એ આંસુએ એક અદ્ભુત પળમાત્રમાં પીગળાવી નાખ્યા.

થોડા દિવસ પહેલાં મેં જાણ્યું હતું, સાંભળ્યું હતું : 'તું જો ખુલ્લા દિલથી, કશા પણ સંકોચ વિના મારી વસ્તુઓને ઝીલશે તો ઘણી વસ્તુઓ બદલાશે, એક મહાન વિજય સિદ્ધ થશે'. અને એટલે જ, આંસુ જ્યારે મારા હૃદયમાંથી ઊઠીને મારી આંખમાં આવીને ઊભાં ત્યારે હું આવી અને તારી સમક્ષ બેઠી અને એ આંસુને એક અર્પણરૂપે પવિત્ર ભાવે મેં વહેવા દીધાં. અને એ અર્પણ કેટલું બધું તો મધુર અને આશ્વાસક હતું !

અને હવે તો હું જોકે રડતી નથી, છતાં તારું સાંનિધ્ય મને નિકટમાં લાગે છે, એટલું બધું તો નિકટમાં લાગે છે કે મારું આખુંયે સ્વરૂપ આનંદથી કંપાયમાન બની રહે છે.

તો મારી સ્તુતિ મને મારા બાલકંઠે ગાઈ લેવા દો :

એક બાળકના જેવા આનંદથી મેં તને પ્રાર્થના કરી છે :

શ્રદ્ધાના ઓ પરમ અને એકમાત્ર ધામ, તને અમે જે કાંઈ કહી શકીએ તેની તો મને પહેલેથી જ ખબર હોય છે, કેમ કે તું પોતે જ અમારા કથનનું મૂળ છે !



ઓ પરમ અને એકમાત્ર મિત્ર, અમે જેવાં છીએ તેવાં જ તું અમને સ્વીકારી લે છે, અમને એ જ રૂપે ચાહે છે, અમારી એ સ્થિતિને બરાબર સમજે છે, કારણ કે તેં પોતે જ અમને આવાં બનાવ્યાં છે !

ઓ પરમ અને એકમાત્ર પથદર્શક, અમારા ઊર્ધ્વ સંકલ્પનો તું કદી વિરોધ કરતો નથી. કેમકે તું પોતે જ એ સંકલ્પમાં બેસીને સંકલ્પ આદરતો હોય છે ! અમે જે અમારી વાતનો કોઈ સાંભળનાર, અમને સમજનાર, પ્રેમ કરનાર, પથ દર્શાવનાર માગીએ છીએ તેની ખોજ તારા સિવાય બીજે કયાંય કરવી એ તો મૂર્ખતા છે; કારણ અમને સાંભળવાને, સમજવાને, અમને પ્રેમ કરવાને, પથ દર્શાવવાને તું હમેશાં હાજર છે. તું અમને કદી નાસીપાસ કરનાર નથી.

એક પૂર્ણ શ્રદ્ધામાં, એક અનન્ય સુરક્ષિતતામાં, એક સમગ્ર, મોકળા, વિશુદ્ધ અને કશાયે આયાસ કે સંકોચ વિનાના સમર્પણમાં કેવો તો પરમ અને ભવ્ય આનંદ રહેલો છે એ જ્ઞાન તેં મને આપ્યું છે.

અને એક બાળક પેઠે આનંદિત બનીને, ઓ મારા પ્રિયતમ, હું એકી સાથે તારી સમક્ષ હસી છું અને રડી છું.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧ પ્રાર્થના અને ધ્યાન, ૧૨ જુલાઈ ૧૯૧૮
પૃષ્ઠ -૨૭૪,૭૫,૭૬)

ॐ

# કરુણા અને કૃતજ્ઞતા - ચૈતસિક ગુણો છે

કરુણા અને કૃતજ્ઞતા એ ચૈતસિક ગુણો છે. ચૈત્ય પુરુષ જ્યારે સક્રિય જીવનમાં ભાગ લેતો થાય છે ત્યારે આ ગુણો ચેતનામાં ઉદય પામે છે.

પ્રાણ અને શારીરિક તત્ત્વ આ ગુણોને નબળાઈઓ તરીકે અનુભવે છે. કારણ કે પ્રાણ તથા શરીરના આવેગો જે તાકાતની શક્તિ ઉપર આધાર રાખતા હોય છે તેમની મુક્ત અભિવ્યક્તિને આ ગુણો કાબૂમાં રાખતા હોય છે.

મન જ્યારે પૂરેપૂરું કેળવાયેલું નથી હોતું ત્યારે તે હંમેશા પ્રાણમય સ્વરૂપનું સાથીદાર તથા સ્થૂળ પ્રકૃતિનું ગુલામ બની રહે છે. પ્રાણમય સ્વરૂપ અને શારીરિક પ્રકૃતિના નિયમો અર્ધ-ચેતન એવી યાંત્રિકતામાં એટલા બધા પ્રબળ હોય છે કે તે પૂરેપૂરી રીતે સમજ કેળવી શકતા નથી. મન જ્યારે પ્રથમ ચૈતસિક ગતિઓ વિશે સભાન બને છે ત્યારે તે એને પોતાના અજ્ઞાનને લીધે વિકૃત કરી નાખે છે. અને કરુણાને દયાભાવમાં કે પછી દાનધર્મમાં અને કૃતજ્ઞતાને ઋણ ચુકવવાની લાગણીમાં ફેરવી નાખે છે. માનવસ્વરૂપમાં જ્યારે ચૈતસિક ચેતના સર્વશક્તિમાન બને છે ત્યારે જ સૌ કોઈ, જેમને મદદની જરૂર હોય છે તેમને માટે કરુણા અને જે ઈશ્વરની સંનિધિ અને કૃપાની અભિવ્યક્તિ રૂપ હોય એ સર્વ માટે કૃતજ્ઞતાનો ભાવ પ્રકટ થાય છે. અને આ કરુણા અને કૃતજ્ઞતા ત્યારે એની મૌલિકતામાં, એની ઓજસયુક્ત વિશુદ્ધિમાં અભિવ્યક્ત થાય છે. પછી એ કરુણામાં કોઈ પણ પ્રકારની મહેરબાની કર્યાની લાગણી હોતી નથી અને એ કૃતજ્ઞતામાં પછી કોઈ વ્યક્તિ લઘુતાગ્રંથિની લાગણી અનુભવતી હોતી નથી.

**શ્રી માતાજી**

(CWM - Vol-15 P-297)



# ઈશ્વર અને ક્ષમાશીલતા

## (સાધકના પ્રશ્નોના શ્રી માતાજીએ આપેલા ઉત્તરો)

પ્રશ્ન : ***મારા જીવનનું જીવન ! મારી પોતાની મધુર મા !***

મારા પ્રેમનો સ્વીકાર કરો અને મારાં સ્ખલનોને ક્ષમા બક્ષો - જે તમે ઘણાં વર્ષોથી કરી રહ્યાં છો. હું આશા રાખું છું કે આ લાગણીઓ આવશે અને જશે. પરંતુ આ પસાર થતાં વાદળો વચ્ચે પણ હું આપના સ્મિત કરતા તેજસ્વી મુખનું દર્શન કરવાનું કદાપિ ચૂકી ન જઉં એ માટે પ્રાર્થના કરું છું.

ઉત્તર : મારા અતિ વ્હાલા બાળક,

હું ખરેખર આશા રાખું છું કે તું તારી બધી મુશ્કેલીઓમાંથી તુર્ત મુક્ત થઈ જઈશ. ઊર્ધ્વ ચેતના પરત્વે માત્ર એક કૂદકો,-જ્યાં બધા પ્રશ્નોનું નિરાકરણ આવી જાય છે - અને તું તારી મુશ્કેલીઓથી મુક્ત થઈ જઈશ. હું ક્ષમા આપું છું એવું કદાપિ હું અનુભવતી નથી. પ્રેમ ક્ષમા આપે છે એવું નથી. પ્રેમ સમજે છે, અને સાજા કરે છે.

મારો પ્રેમ અને આશીર્વાદ હંમેશને માટે.

પછીથી સાધકે જ્યારે માતાજીને પૂછયું હતું કે 'ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કઈ રીતે કરવું ? કૂદકો કેવી રીતે લગાવવો ?' એના પ્રત્યુત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું :

'ઊર્ધ્વ ચેતનામાં પહોંચવાની શ્રેષ્ઠ રીત એ છે કે સર્વ માનસિક અસ્વસ્થાતાનો ત્યાગ કરવો. સર્વ પ્રકારની પ્રાણમય ઇચ્છાઓ અને ઉત્પાતોનો પણ ઇનકાર અને મન તથા હૃદય જેટલું શક્ય બને તેટલું સતત ઈશ્વરાભિમુખ રાખવું. પ્રભુ માટે પ્રેમ હોવો એ આમ કરવા માટેની પ્રબળતમ શક્તિ છે.

**ક્રિશ્ચિયનો અને વૈષ્ણવો ક્ષમાના તત્ત્વની બહુ પ્રશંસા કરે છે, પણ હું તો પૂછું છું કે મારે શાની ક્ષમા આપવાની છે ? અને કોને ?**

**બાળક :** મધુર માતાજી, આપણે જ્યારે પ્રભુ પાસે ક્ષમા માગીએ છીએ ત્યારે શું તે હંમેશાં આપે છે ?

**શ્રી માતાજી :** શ્રી અરવિન્દ પોતે જ પ્રભુનો જવાબ આપે છે : 'કોને ક્ષમા આપવાની છે ? અને શાની ?' પ્રભુ જાણે છે કે વિશ્વમાં બધું જ પ્રભુ પોતે છે અને તેથી જગતમાંનાં બધાં જ કાર્યો તેનાં પોતાનાં જ છે, બધા જ પદાર્થો તે પોતે છે. તમારે કોઈને ક્ષમા આપવાની હોય તો તમે તેનાથી જુદા હોવા જોઈએ અને જે વસ્તુની ક્ષમા આપવાની હોય તે તમારાથી ભિન્ન એવા બીજા કોઈ માણસે કરેલી હોવી જોઈએ.

સાચું કહીએ તો, માણસ જ્યારે ક્ષમા માગતો હોય છે ત્યારે તેણે જે કાંઈ કર્યું હોય તેનાં ખરાબ પરિણામો આવે નહિ એવી તે આશા રાખતો હોય છે. પણ એ વસ્તુ તો થયેલી ભૂલનાં જે કારણો હોય તે પોતે દૂર થઈ જાય ત્યારે જ બની શકે છે. તમે જો અજ્ઞાનમાંથી ભૂલ કરી હોય તો તે અજ્ઞાન ચાલી જવું જોઈએ. તમે જો કોઈ દુષ્ટ ભાવમાંથી ભૂલ કરી હોય તો એ દુષ્ટ ભાવ ચાલી જવો જોઈએ અને તેને બદલે શુભ ભાવ આવવો જોઈએ. તમે એક સાદો પસ્તાવો કરી લો તે ન ચાલે, એની સાથે તમારે એક ડગલું આગળ વધવું જોઈએ.

કારણ કે જગત તો સતત વિકાસ પામી રહેલું છે, કોઈ પણ વસ્તુ સ્થિર ઉભેલી નથી. હરેક વસ્તુ સતત બદલાઈ રહેલી છે. આગળ અથવા તો પાછળ જઈ રહેલી છે. જે વસ્તુઓ કે કાર્યો આપણને પાછળ લઈ જાય તેવાં હોય છે તે આપણને ખરાબ લાગે છે. એ બધાનો માત્ર એક જ ઈલાજ છે અને તે એ કે છેક મૂળમાંથી એક ડગલું આગળ ભરો, પ્રગતિ કરો. તમારું આ રીતનું નૂતન પ્રસ્થાન જ પીછેહઠ કરાવતી ક્રિયાનાં પરિણામોને નાબૂદ કરી શકે છે.

એટલે પ્રભુ પાસેથી આપણે એક અસ્પષ્ટ અને ખાલી ક્ષમા માગવાની નથી, પણ જે પ્રગતિ કરવાની જરૂર છે તે માટેની શક્તિ માગવાની છે. તમારું આંતરિક રૂપાંતર થાય એ જ એક વસ્તુ તમે કરેલાં કાર્યનાં પરિણામોને નાબૂદ કરી શકે છે.

**પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો, તો શું હું એમ**



**કહીશ કે, 'ઓ પ્રભુ, તારી આ ઉદ્ધતાઈ હું માફ કરું છું ?'**

**પ્રભુએ મને એક ફટકો મારી મારું ભલું કર્યું. શું હું એમ કહીશ કે હે, સર્વશક્તિમાન પ્રભુ, તેં કરેલું નુકશાન અને ક્રૂરતા હું તને માફ કરું છું, પણ ફરીથી એવું ન કરીશ ?**

**બાળક :** મધુર માતાજી, 'પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો' એનો અર્થ શો થાય છે ?

**શ્રી માતાજી :** આ બે સૂત્રોમાં પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક વ્યક્તિમાં પ્રભુનું જે દિવ્ય સાંનિધ્ય આવી રહેલું છે એ વાત જણાવવામાં આવી છે, તથા આની પહેલાંના જ સૂત્રમાં જે વિચાર મૂકવામાં આવેલા છે કે પ્રભુ પોતે જ સર્વ વસ્તુઓના કર્તા છે એ વિચારને આગળ વિસ્તારવામાં આવ્યો છે.

'પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો,' એ વાક્યને આ રીતે વાંચવાનું અને સમજવાનું છે, તમને જો બાહ્ય દેખાવો સિવાય બીજું કાંઈ જ દેખાતું ન હોય તો પછી એમાં એક માણસ બીજા માણસને ફટકો મારતો હોય એટલું જ રહે છે. પણ જે માણસને સત્યનું દર્શન અને જ્ઞાન થયેલું છે તેને તો આમાં પરમાત્મા પોતે જ માણસના હાથ ઉપર ફટકો મારતા લાગે છે અને એમાંથી જેના પર એ ફટકો પડતો હોય છે તેનું જરૂર ભલું જ થતું હોય છે, એટલે કે, એ ફટકો માણસની ચેતનામાં એક પ્રગતિ લાવી આપે છે. જગતમાંની હરેક વ્યક્તિ પ્રભુની ચેતના પ્રત્યે જાગૃત બની રહે એ જ આ સૃષ્ટિનું અંતિમ લક્ષ્ય છે.

એકવાર તમને આ વસ્તુ સમજાઈ જાય તો પછી આ બે સૂત્રોનો બાકીનો ભાગ તો સહેલાઈથી સમજાઈ જશે.

પ્રભુએ આપણું જે ભલું કર્યું છે તે માટે શું આપણે તેને માફી આપીશું અને શું એમ કહીશું કે તે એવું ફરી ના કરે ?

આવી રીતના સિદ્ધાંતમાં કેટલો તો આંતર-વિરોધ અને મૂર્ખતા રહેલાં છે તે દેખાઈ આવે તેવી વાત છે.

**શ્રી માતાજી**

(CWM-Vol-16, P-216-217 and Vol-10, PP 47-48)

# ક્ષમાનો આદર્શ

ચંદ્ર ધીરે ધીરે વાદળોના પડદા પાછળ ગતિ કરી રહ્યો હતો. નીચે નદી કલકલ અવાજ કરતી પવનના સૂરમાં પોતાનો સૂર મેળવતી નાચતી નાચતી વહેતી હતી. પૃથ્વીનું સૌન્દર્ય અર્ધા અંધકારમાં અને અર્ધા ચંદ્રપ્રકાશમાં ઓર ખીલી નીકળતું હતું. ચારે બાજુ ઋષિઓના આશ્રમો હતા. પ્રત્યેક આશ્રમની શોભા નંદનવનની શોભાને પણ ટપી જાય તેવી હતી. હરેક ઋષિની કુટિરની આસપાસનાં તરુ, પુષ્પો અને લતાઓ સૌન્દર્યથી લચી પડતાં હતાં. આવી એક જ્યોત્સનાથી છલકાતી રાત્રે બ્રહ્મર્ષિ વશિષ્ઠ પોતાની પત્ની અરુન્ધતીને કહેતા હતા, 'દેવી, ઋષિ વિશ્વામિત્રને ત્યાંથી થોડુંક મીઠું લઈ આવોને !' આ સાંભળતાં વેંત જ અરુન્ધતીને આશ્ચર્ય થયું અને તેમણે પ્રશ્ન કર્યો, 'પ્રભુ, આપ આ કેવી આજ્ઞા કરો છો ? મને એ સમજાતું નથી. જેણે આપણા સો પુત્રોનો વધ કર્યો છે' અને એ શબ્દો બોલતાં બોલતાં અરુન્ધતીનો કંઠ ગદ્‌ગદિત થઈ ગયો. ભૂતકાળ બધો પાછો સ્મરણપટ પર તાજો થઈ આવ્યો. અપૂર્વ શાંતિના ધામ જેવું એ હૃદય વ્યથાથી ઊભરાવા લાગ્યું, તે બોલવા લાગ્યાં, 'આવી સુંદર કૌમુદીવાળી રાત્રે મારા પુત્રો વેદગાન કરતા કરતા ફરતા હતા. એ સો એ સો વેદજ્ઞ હતા. બ્રહ્મનિષ્ઠ હતા. મારા એ સર્વ પુત્રોને એણે મારી નાખ્યા છે. તેના આશ્રમમાંથી મીઠું માગી લાવવાનું આપ કહો છો ? મને કંઇ સમજાતું નથી.'

ઋષિનું મુખ ધીરે ધીરે પ્રકાશથી છલકાવા લાગ્યું, એ સાગર જેવા હૃદયમાંથી ધીરે ધીરે શબ્દો નીકળવા લાગ્યા. 'દેવી, એમના ઉપર તો મને ખાસ પ્રેમ છે' અરુન્ધતીનું આશ્ચર્ય ખૂબ વધી ગયું. તેમણે કહ્યું, એમના ઉપર આપને જો પ્રેમ છે તો તો પછી એમને આપ 'બ્રહ્મર્ષિ' ના નામે સંબોધન કેમ નથી કરતા ? એમને 'બ્રહ્મર્ષિ' કહી દીધા હોત તો આ બધી જંજાળ મટી જાત, અને મારે મારા સો પુત્રો પણ ગુમાવવા ન પડત. 'ઋષિના મુખ ઉપર એક અપૂર્વ કાંતિ પ્રગટી આવી. તે બોલ્યા, 'તેમના ઉપર મને પ્રેમ છે માટે જ હું એમને બ્રહ્મર્ષિ કહેતો નથી. હું એમને બ્રહ્મર્ષિ નહિ કહું. એમાંથી જ તેઓ બ્રહ્મર્ષિ થઈ શકવાની આશા રહે છે.'



આજે વિશ્વામિત્ર ક્રોધથી જ્ઞાનશૂન્ય બની ગયા હતા. આજે તેઓ તપસ્યામાં મન પરોવી શકતા ન હતા. તેમણે સંકલ્પ કર્યો હતો કે આજે જો વશિષ્ઠ મને બ્રહ્મર્ષિ નહિ કહે તો તેમનો પ્રાણ લઈશ અને એ સંકલ્પને પાર પાડવા તે હાથમાં તલવાર લઈ પોતાની કુટિરમાંથી બહાર નીકળી પડ્યા. અને ધીરે ધીરે વશિષ્ઠની કુટિરની પાસે આવીને ઊભા રહી ગયા. ત્યાં ઊભા ઊભા તેમણે વશિષ્ઠની બધી વાતો સાંભળી. હાથમાં જોરથી પકડેલી તલવાર ઢીલી થઈ ગઈ. તે વિચારવા લાગ્યા. 'મેં આ શું કર્યું ? તદ્દન અજ્ઞાનમાં રહીને મેં કેવો મોટો અન્યાય કર્યો છે, કેવા નિર્વિકાર હૃદયના ઋષિને વ્યથા પહોંચાડવાનો પ્રયત્ન મેં કર્યો છે ?' તેમના હૃદયમાં જાણે સો સો વીંછીના ડંખની વેદના થવા લાગી. હૃદય અનુતાપથી બળવા લાગ્યું. એકદમ દોડીને તે વશિષ્ઠના પગમાં ઢળી પડ્યા. થોડી ક્ષણ તો તે કશું બોલી જ ન શક્યા. એકાદ ક્ષણ પછી તે બોલ્યા, 'ક્ષમા કરો. પણ મારામાં ક્ષમા યાચવાની પણ યોગ્યતા નથી રહી' વિશ્વામિત્રનું ગર્વીલું હૃદય બીજું કાંઈ બોલી શક્યું નહિ. પણ વશિષ્ઠ શું બોલ્યા ? વશિષ્ઠે બેય હાથે તેમને પકડી લીધા અને કહ્યું 'ઊઠો, બ્રહ્મર્ષિ ઊઠો' વિશ્વામિત્ર બમણા શરમાઈ ગયા અને બોલ્યા, 'પ્રભુ, મને આમ શરમમાં કેમ નાંખો છો ?' વશિષ્ઠે જવાબ આપ્યો,' હું કદી મિથ્યા બોલતો નથી. આજે તમે મહર્ષિ થયા છો, આજે તમે અભિમાનનો ત્યાગ કર્યો છે. આજે તમે બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત કર્યું છે.' વિશ્વામિત્રે કહ્યું, 'આપ મને બ્રહ્મજ્ઞાન આપો' વશિષ્ઠે જવાબ દીધો, 'આપ શેષની પાસે જાઓ. તે જ તમને બ્રહ્મજ્ઞાન આપશે.'

વિશ્વામિત્ર શેષની પાસે પહોંચ્યા. શેષ માથા પર પૃથ્વી ધારણ કરીને બેઠા હતા. વિશ્વામિત્રે બધી વાત કહી સંભળાવી. શેષ બોલ્યા, 'તમે જો આ પૃથ્વી તમારા મસ્તક પર ધારણ કરી શકો તો હું તમને બ્રહ્મજ્ઞાન આપી શકીશ.' તપોબળના ગર્વથી ભરેલા વિશ્વામિત્રે કહ્યું, 'આપ પૃથ્વીને માથેથી ઉતારી નાખો. હું મારે માથે લઈ લઉં છું' શેષે કહ્યું 'હા લઈ લો. આ હું ઉતારી નાખું છું' શેષે પૃથ્વીને માથા પરથી ઉતારી તેવી જ તે આકાશમાં ચક્કર લેતી લેતી ગબડવા લાગી.

વિશ્વામિત્રે મોટા અવાજે કહ્યું, 'હું મારા સમસ્ત તપનું ફળ અર્પણ કરું છું. પૃથ્વી સ્થિર થઈ જા. પણ પૃથ્વી સ્થિર ન થઈ. શેષે મોટો સાદ કરીને કહ્યું 'વિશ્વામિત્ર, પૃથ્વીને ધારણ કરી શકાય એટલું તપ તમે કર્યું લાગતું નથી. કોઈ દિવસ કોઈ સાધુપુરુષનો સંગ કર્યો છે ? કર્યો હોય તો તેનું ફળ અર્પણ કરો.' વિશ્વામિત્રે કહ્યું, 'એકાદ ક્ષણ જેટલો વશિષ્ઠનો સંગ કર્યો છે.' શેષે

કહ્યું, 'તો એનું જ ફળ અર્પણ કરો.' વિશ્વામિત્ર બોલ્યા, 'હું એ ફળ અર્પણ કરું છું.' ધીરે ધીરે પૃથ્વી સ્થિર બની. પછી વિશ્વામિત્ર બોલ્યા, 'હવે મને બ્રહ્મજ્ઞાન આપો. શેષે કહ્યું, 'મૂર્ખ વિશ્વામિત્ર, જેની સાથેના એક ક્ષણ જેટલા સત્સંગના ફળ રૂપે પૃથ્વી સ્થિર થઈ ગઈ, તેને મૂકીને તું મારી પાસેથી બ્રહ્મજ્ઞાન લેવા ઇચ્છે છે ?' વિશ્વામિત્ર ક્રોધે ભરાયા. વિચારવા લાગ્યા કે આ તો વશિષ્ઠે મને છેતર્યો. ઝડપથી તેઓ વશિષ્ઠ પાસે જઈ પહોંચ્યા અને કહેવા લાગ્યા, 'આપે મને શા માટે છેતર્યો ?' વશિષ્ઠે અત્યંત ધીરગંભીર ભાવે ઉત્તર આપ્યો, 'તે વખતે જો મેં તમને બ્રહ્મજ્ઞાન આપ્યું હોત તો તેમાં તમને વિશ્વાસ બેસત નહિ. હવે તમને શ્રદ્ધા બેસશે.' અને વિશ્વામિત્રે વશિષ્ઠ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ભારતદેશમાં આવા ઋષિઓ હતા. આવા સાધુ પુરુષો હતા, ક્ષમાનો આવો આદર્શ હતો, એવું તપોબળ હતું કે તે દ્વારા પૃથ્વીને ધારણ કરી શકાતી હતી. ભારત દેશમાં વળી પાછા એવા જ ઋષિઓ જન્મ લઈ રહ્યા છે. એ ઋષિઓના પ્રભાવ આગળ પ્રાચીન કાળના ઋષિઓનો પ્રકાશ ઝાંખો પડી જશે. એ ઋષિઓ ભારતદેશને પ્રાચીન કાળ કરતાંયે વધારે ગૌરવ અપાવશે.

**શ્રી અરવિન્દ**

(મૂળ બંગાળીમાંથી શ્રી અરવિન્દ બાસુએ અંગ્રેજીમાં
કરેલા અનુવાદનું ગુજરાતી ભાષાંતર)

(શ્રી અરવિન્દની બંગળી રચનાઓ - પૃષ્ઠ ૧૬ થી ૧૮)



# આપણું ભારત

ભારતનું જીવનકાર્ય માનવજાતિને માનવસ્વતંત્રતા, માનવસમાનતા, અને માનવબંધુત્વના એના સત્ય મૂળ પરત્વે લઈ જવાનું છે.

❀

ભારત સર્વ રાષ્ટ્રોનું ગુરુ છે. માનવઆત્માની ગહનતમ વ્યાધિઓનો વૈદ્ય છે. ભારતનું ભાવિ ફરી એક વાર વિશ્વના જીવનને નવેસરથી ઘડવાનું અને માનવઆત્માની શાંતિ સ્થાપવાનું છે.

❀

ઉષાનો ઉદય થશે અને ક્ષિતિજ ઉપર સૂર્ય ઊગી નીકળશે. ભારતના ભાવિનો સૂર્ય ઊગી નીકળશે અને આખા ભારતને તેમજ એશિયાને તેના પ્રકાશથી ભરી દેશે અને આખા જગત ઉપર છવાઈ જશે. હરેક પળ, હરેક ક્ષણ, પ્રભુ એ નિર્ધારિત દિવસના પ્રકાશને વધુ ને વધુ નજીક લાવી રહ્યા છે.

❀

આધ્યાત્મિકતા જ ભારતીય માનસની ગુરુ ચાવી છે; અનંતતાનો ખ્યાલ તેને માટે સ્વાભાવિક છે. ભારતે તો શરૂઆતથી જ જોઈ લીધું હતું - અને તેના બૌદ્ધિક યુગમાં અને વધતા જતા અજ્ઞાનના યુગમાં પણ તેણે આ દૃષ્ટિ ગુમાવી ન હતી - કે જીવનને તેના બહિર્મુખતાના જ પ્રકાશમાં સાચી રીતે જોઈ ન શકાય તથા તેની બહિર્મુખતાની જ શક્તિથી પૂર્ણ રીતે જીવી ન શકાય.

❀

અત્યારે દુનિયા આધ્યાત્મિક સહાય અને રક્ષણહાર જ્યોતિ માટે ભારત તરફ વધુ ને વધુ મીંટ માંડી રહી છે, ત્યારે જ જો ભારત તેના આધ્યાત્મિક વારસાને છોડી દેશે તો તે વિધિની દુઃખદ વક્રતા ગણાશે. આમ ન જ થવું જોઈએ ને ચોક્કસ આમ થશે જ નહિ....

**શ્રી અરવિન્દ**

# ખોરાક વિશે માર્ગદર્શન

**વ્યક્તિ માંસાહાર કરે તો શું બને છે ?**

તમારે મારી પાસે વાત સાંભળવી છે ? હું એક સ્વીડીશ સ્ત્રીને ઓળખતી. તે સાધના કરતી હતી, તે શાકાહારી હતી, પોતાની પસંદગીથી, ટેવથી. એક દિવસ કેટલાક મિત્રોએ તેને આમંત્રણ આપીને ખાણામાં તેને મરઘીનું બચ્ચું આપ્યું. તેને ધાંધલ કરવાની ઇચ્છા નહીં એટલે તે ખાઈ ગઈ. પરંતુ પછીથી ઓચિંતા તેને રાત્રે એમ લાગ્યું કે તે એક ટોપલીમાં પુરાયેલી છે. અને તેની સળીઓની વચ્ચે તેનું માથું ફસાઈ ગયું છે અને તેને હલાવવામાં, હલાવવામાં જોરજોરથી વીંઝવામાં આવે છે અને તેની સ્થિતિ ખૂબ દુઃખદાયક, દર્દજનક થઈ; ત્યાર પછી તેને એવો અનુભવ થયો કે તેનું માથું નીચે છે અને પગ ઉપર હવામાં છે અને તેને ખૂબ જોરથી હલાવવામાં આવે છે, હલાવવામાં આવે છે, હલાવવામાં આવે છે. (હાસ્ય) તે પૂરેપૂરી દુઃખી થઈ ગઈ; અને ઓચિંતા કોઈએ તેના શરીરમાંથી કાંઈક ખેંચવા માંડયું અને તે તેને ખૂબ ઈજા કરતું, અને પછી કોઈ છરી લઈને આવ્યું અને તેનું માથું ઝટકાથી ઉડાડી દીધું; અને પછી તે જાગી ગઈ. તેણે મને આ બધી વાત કરી; તેણે મને વાત કરી કે તેને ભયંકર રાત્રી ઓથાર આવેલો અને સૂતાં પહેલાં આવું કાંઇ વિચારેલું પણ નહિ, પેલા બિચારા મરઘાની ચેતના તેની અંદર પ્રવેશેલી અને પેલા બિચારા મરઘાએ જ્યારે તેને બજારમાં લઈ જવાયું, વેચાયું, પીંછા ખેંચાયાં અને ગળું કપાયું ત્યારે જે જે વેદના સહન કરી તે બધી જ વેદના તે સ્ત્રીએ પોતાના સ્વપ્નમાં અનુભવી ! (હાસ્ય)

આ પ્રમાણે વસ્તુઓ બને છે ! એટલે કે તમે જે પ્રાણી ખોરાકમાં લો છો તેના માંસની સાથે તમે વધારે કે ઓછા પ્રમાણમાં તેની ચેતના પણ ગળી જાઓ છો. તે બહુ ગંભીર બાબત નથી પણ તે બહુ આનંદજનક પણ નથી અને એ સ્પષ્ટ છે કે એ તમને પ્રાણી તરફી રહેવાને બદલે માનવી તરફ રહેવા માટે મદદ કરતું નથી ! આદિ માનવ જે આત્મતત્ત્વ કરતાં પશુની વધારે નજીક હતો તેને કાચું માંસ ખાવાની ટેવ હતી. અને તેનાથી પકાવેલા માંસ કરતાં વધારે તાકાત મળતી. તે માનવો પ્રાણીને મારી નાખતા, તેને ચીરીને ટુકડા કરતા અને ખાતા. તેઓ વધારે મજબૂત હતા, અને વધારામાં તેમના આંતરડાંમાં પેલો નાનો ટુકડો 'એપેન્ડિક્સ' હાલ કરતાં વધારે મોટો હતો અને



તે કાચું માંસ પચાવવામાં સહાયરૂપ હતો. પછીથી માણસે રાંધવાની શરૂઆત કરી, તેણે શોધ્યું કે તે રીતે ખોરાકમાં વધારે સ્વાદ આવે છે અને તેણે રાંધેલું માંસ ખાવાનું શરૂ કર્યું અને એપેન્ડિકસ વધારે નાનું થતું ગયું અને પછીથી તેનો કોઈ પણ ઉપયોગ રહ્યો નહિ તેથી અત્યારે તો એ વિઘ્નરૂપ છે અને કોઈ કોઈ વખત માંદગી લાવે છે.

એટલે હવે મારે તમને કહેવું જોઈએ કે માણસે ખોરાકમાં ફેરફાર કરીને થોડા ઓછા પશુમય બનવું જોઈએ ! આ વસ્તુ દરેકની ચેતનાની અવસ્થા ઉપર આધાર રાખે છે. સામાન્ય માણસ, જે સામાન્ય જીવન જીવે છે, સામાન્ય કર્મો કરે છે, પોતાના જીવનનિર્વાહ સિવાય બીજું કાંઈ પણ કરવાનો વિચાર પણ કરતો નથી, પોતાની જાતને ગોઠવીને કુટુંબની સંભાળ રાખે છે તેવા માટે માંસાહાર સારો છે, તેના માટે ગમે તે ખાવું તે પણ બરાબર છે, તેને જે માફક આવે અને સારું કરે તે બધું જ.

પરંતુ જો કોઈને આ સામાન્ય જીવનમાંથી ઉચ્ચતર જીવન તરફ જવું હોય, તો પ્રશ્ન રસિક બની જાય છે; અને ઉચ્ચતર જીવન માટે તૈયારી કર્યા પછી તેણે રૂપાંતર સાધવું હોય, તો તે વસ્તુ ઘણી વધારે અગત્યની બને છે. કારણ કે તેમાં કેટલાક એવા ખોરાક હોય છે જે શરીરને સૂક્ષ્મ બનાવવામાં સહાયરૂપ થાય છે. અને બીજા પાશવી સ્થિતિ તરફ લઈ જાય છે. પરંતુ તે જ સમયે આ વસ્તુની ઘણી મોટી અગત્ય છે, તે પહેલાં નહીં; અને તે ક્ષણે પહોંચતાં પહેલાં બીજી ઘણી વસ્તુઓ કરવાની છે. શરીરના શુદ્ધિકરણનો વિચાર કરતાં પહેલાં મન અને પ્રાણની શુદ્ધિ કરવી વધારે હિતકારક છે. કારણ કે તમારા શરીરને સૂક્ષ્મ બનાવવામાં મદદરૂપ થાય એવો ખોરાક લેવામાં તમે ગમે તેટલી સાવચેતી રાખો છતાં જો તમારાં મન અને પ્રાણમાં કામના, અચેતનના, તમસ, આવશે અને તમે એવી બધી સ્થિતિમાં રહેતાં હોય તો પેલી વસ્તુનો કોઈ પણ ઉપયોગ નથી. ફક્ત તમારું શરીર નિર્બળ બનશે, આંતર જીવનથી વિખૂટું પડી જશે અને એક દિવસ રોગગ્રસ્ત થઈ જશે.

મેં એક વખત તમને કહ્યું છે તે પ્રમાણે આ વસ્તુની શરૂઆત અંદરથી થવી જોઈએ. ઉપરથી શરૂઆત કરવી જોઈએ, પહેલાં ઊર્ધ્વતરની વિશુદ્ધિ અને પછી નિમ્નતરની. હું એમ નથી કહેતી કે દરેકે શરીરમાં રહેલી વસ્તુઓ ઉપર તુચ્છતા રાખવી. હું એમ નથી કહેતી. તમારે તમારી કામનાઓ ઉપર કાબૂ ન રાખવો એવી સલાહ પણ નથી આપતી ! તે રીતની વસ્તુ છે જ નહીં. પરંતુ હું એમ કહું છું કે જો તમારાં મન અને પ્રાણમાં નાનકડા દેવદૂત બન્યા પહેલાં શરીરમાં દેવદૂત બનવા તમે પ્રયત્ન ન કરશો; કારણ કે તે વસ્તુ તમને જે વધારે સારો માર્ગ છે તેના

બદલે જુદા જ માર્ગે દોરી જશે. આપણે હમણાં જ કોઈક દિવસે વાત કરેલી કે સમતુલા રાખવી એ બહુ અગત્યનું છે, વારુ, સમતુલા રાખવા માટે બધી જ વસ્તુઓએ એક જ સાથે પ્રગતિ કરવી જોઈએ. તમારા સ્વરૂપના એક ભાગને અંધકારમાં રાખીને બીજા ભાગને પ્રકાશમાં લાવવા માટે પ્રયત્ન ન કરવો જોઈએ, તમારે ખૂબ સંભાળ રાખવી જોઈએ કે કોઈ પણ સ્વરૂપનો ખૂણો અંધકારમાં ન રહી જાય. તો તમે આ સ્થિતિમાં છો.

**મધુર માતાજી, જો મરઘીનાં બચ્ચાંની વેદના આપણને અસર કરે તો બીટરૂટ અથવા ગાજરની વેદના પણ કરી શકે, ન કરી શકે ?**

આ બધા માટે હું માનું છું કે બીટરૂટ કરતાં મરઘીનું બચ્ચું વધારે સચેતન છે (હાસ્ય) પરંતુ મારે તમને મારો અનુભવ કહેવો જોઈશે. ફક્ત હું ધારું છું કે આ વસ્તુ સામાન્ય નહોતી.

ટોકિયોમાં મારો પોતાનો બગીચો હતો અને તેમાં હું મારી જાતે જ શાકભાજીનો ઉછેર કરતી. મારો બગીચો ઠીક ઠીક મોટો અને ઘણાં શાકભાજી થતાં એટલે દરરોજ સવારે જ્યારે હું ફરવા માટે જતી ત્યારે તે બધાને પાણીનો છંટકાવ કરીને આજુબાજુ, કયાં શાકભાજી ભોજનમાં વાપરવાં તે લેવા માટે ફરતી. હવે તમે કલ્પના કરો ! એમાંના કેટલાંક મને કહેતાં. ''ના, ના, ના, ના,'' ..... અને બીજાં કેટલાંક મને બોલાવતાં, અને હું તેમને દૂરથી જોતી, અને તેઓ મને કહેતાં, ''મને લઇ લો, મને લઈ લો, મને લઈ લો !'' આ વસ્તુ ઘણી સરળ છે, હું જે વસ્તુઓ ઉપયોગમાં લેવા માટે માંગણી કરતી, તેમની શોધ કરતી અને જેમની ઇચ્છા ન હોય તેમનો હું સ્પર્શ પણ કરતી નહીં. મને એવો વિચાર આવતો કે આ કાંઈક અદ્ભુત વસ્તુ છે. હું મારા છોડવાઓને ચાહતી, હું તેમની ખૂબ સંભાળ લેતી, તેમને પાણી છાંટતી વખતે અને સાફ કરતી વખતે હું તેમનામાં ચેતના મૂકતી, તેથી હું વિચારતી કે તેમનામાં કદાચ વિશિષ્ટ શક્તિ છે.

પરંતુ ફ્રાન્સમાં પણ આ પ્રમાણે બનતું. ફ્રાન્સમાં મકાનની દક્ષિણે મારો પોતાનો એક બગીચો હતો જેમાં હું વટાણા, મૂળા, ગાજર વગેરે ઉછેરતી. વારુ, કેટલાક આનંદી હતા અને તેઓ હું તેમને લઈને ઉપયોગ કરું એમ ઇચ્છતા. જ્યારે બીજા કેટલાક એમ કહેતા હતા, ''નહીં, નહીં, નહીં, મને અડકો નહીં. મને અડકો નહીં !'' (હાસ્ય)

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ. ૧૭૩ થી ૧૭૭)





**શ્રી માતાજી**

# વૃત્ત વિશેષ

**૧૯ સપ્ટેમ્બર,** શ્રી અરવિન્દ સોસાયટીના સુવર્ણ જયંતી વર્ષની શરૂઆત. બીચ ઓફિસ, પોંડિચેરી તેમ જ શ્રી અરવિન્દ સોસાયટીની શાખાઓ તથા કેન્દ્રો પર ધ્યાનના કાર્યક્રમોનું આયોજન. શ્રી અરવિન્દ અને શ્રી માતાજી પરત્વે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી આપણા કાર્ય માટે આપણે સૌ એમનાં ચરણોમાં આપણું 'અર્પણ' કરી દઈએ.

❋

સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા ૧૨ સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ રજીસ્ટર્ડ ઓફિસ કલકત્તા ખાતે યોજાશે. એ માટેની Notice આ અંકના પૃષ્ઠ-૪૦ પર છાપેલી છે.

❋

શ્રી અરવિન્દ સોસાયટી, બેંગ્લોર શાખા, શ્રી અરવિન્દ ભવન, ૧૧૦, ગંગાધર ચેટ્ટી રોડ, બેંગ્લોર-૫૬૦ ૦૪૨ મુકામે. ૯ થી ૧૧ ઓક્ટોબર ૨૦૦૯ દરમિયાન યુવા શિબિરનું આયોજન કરવામાં આવનાર છે. વધુ વિગતો માટે સંપર્ક કરો - ફોન - ૦૮૦-૨૫૫૫૯૮૮૫/૨૫૨૯૮૬૮૪ e-mail - sriaurobindobhavan.bangalore@gmail.com અથવા S.S.Lahiri - Mobile - 09980519855 નો સંપર્ક કરવો.

❋

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, નડિયાદના સાધક પરિવારના ૧૫ (પંદર) સભ્યોએ નર્મદા કિનારે 'ઓરી' માં 'મીરામ્બિકા સાધના કેન્દ્ર' ની મુલાકાત ૭ જૂન, ૨૦૦૯ના રોજ લીધી હતી. નડિયાદ કેન્દ્રના સાધકોએ સવારે ૧૦ થી સાંજના ૫ દરમિયાન નર્મદા મૈયાના સાંનિધ્યમાં 'સાવિત્રી' વાંચનનો લાભ લીધો અને કેન્દ્રના ભાઇ-બહેનો સાથે સત્સંગ કર્યો. સૌ સાધક ભાઈબહેનોએ પ્રસન્નતા અનુભવી. 'ઓરી' ના આ કેન્દ્રની મુલાકાત લેવા ઇચ્છતા સાધકો શ્રી કુન્દનભાઇ/શ્રી મનિષાબહેનનો સંપર્ક મોબાઈલ નંબર ૯૪૨૭૧૩૧૭૩૭ પર કરી શકે છે.

❋

જામનગર શાખા દ્વારા ૧૩ ને ૧૪ જૂન ૨૦૦૯ દરમિયાન પ્રા. જ્યોતિબહેન થાનકીના વાર્તાલાપોનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩ જૂન, શનિવારે સાંજે ૭ થી ૮.૧૫ અને ૧૪ જૂન રવિવારે, સવારે ૧૦ થી ૧૧.૩૦



અને સાંજે ૭.૦૦ થી ૮.૩૦ દરમિયાન શ્રી જ્યોતિબહેને 'શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન' એ વિષય પર મનનીય વક્તવ્યો રજૂ કર્યાં. જામનગરના શહેરીજનોએ સારી સંખ્યામાં હાજર રહી દૈનિક જીવનમાં શ્રી અરવિન્દનો પૂર્ણયોગ કેવી રીતે કરી શકાય એનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. કાર્યક્રમો દરમિયાન સૌએ શાન્ત અને દિવ્યતાસભર વાતાવરણની અનુભૂતિ કરી.

❋

શ્રી અરવિન્દ કેન્દ્ર વિસનગર દ્વારા શ્રી અરવિન્દ પોંડિચેરી આગમન શતાબ્દી નિમિત્તે ૨૭ ને ૨૮ જૂનના રોજ બે કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં. ૨૭ જૂનના રોજ ત્યાંની શાળાના શિક્ષકો સાથે શ્રી જ્યોતિબહેન લિખિત 'સર્વાંગી શિક્ષણ' પુસ્તકમાંથી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં શ્રી મણીભાઇ પટેલ, મહેન્દ્રભાઇ પંચાલ તથા નીતાબહેન પંડિતે માર્ગદર્શન પૂરું પાડ્યું.

૨૮ જૂનની સાંજે વિસનગરની મહિલા લાયબ્રેરીની ૭૦ બહેનોને આમંત્રી તેઓને શ્રી માતાજીના જીવન-દર્શન, 'જન્મ દિવસનું મહત્ત્વ' અને 'દૈનિક જીવનમાં સાધના' વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી અમૃતભાઇ, રણછોડભાઇ, નીતાબહેન તથા કિરણબહેન પંચાલે કાર્યક્રમનું સંચાલન કર્યું.

❋

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર નડિયાદ દ્વારા ૨૮ જૂન ૨૦૦૯ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૪.૩૦ દરમિયાન 'શૈક્ષણિક બાળ શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં શ્રી બી.પી. હાઈસ્કૂલ, મિત્રાલના ધોરણ ૮ના ૧૨૦ વિદ્યાર્થીઓ, આચાર્ય અને શિક્ષક ભાઇ-બહેનોએ ભાગ લીધો. શિબિરના કાર્યક્રમોમાં સમૂહ ક્વાયત, સમૂહશ્લોકગાન, પ્રાર્થના, ભજનો, વકર્તૃત્વ સ્પર્ધા, ચિત્રકામ, આરોગ્યકારક ટેવો, વાર્તાકથન, પુષ્પોનો પરિચય, વગેરેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. શિબિરનું સંચાલન શ્રી નાનશા પંડિતે કેન્દ્રના અન્ય સાધકોના સહકારથી કર્યું. બાળકોને બપોરે ૧૨-૦૦ વાગે ભોજન તથા સાંજે ચાર વાગે ચા-નાસ્તો આપવામાં આવ્યો હતો. કેન્દ્ર દ્વારા 'બાળકોને આદર્શ બાળક' - 'મહાયોગી શ્રી અરવિન્દ' (શાળા માટે ૧ નકલ) 'અમને શ્રી અરવિન્દની વાત કહો', 'જીવન જીવવાની કળા' તથા 'દિવ્ય સંસ્પર્શ' પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં. શ્રી સંતરામ મંદિરના મહંત શ્રી ગુરુચરણદાસજીએ શિબિરાર્થીઓને આશીર્વચન આપ્યા.

❋

# જાહેરાત

## સુન્દરમ્ : પૂર્ણયોગના પ્રકાશમાં

સુન્દરમ્ જન્મશતાબ્દી વર્ષમાં સાધક સુન્દરમ્‌ને કેન્દ્રમાં રાખી સુન્દરમ્‌ના બહિર તેમજ અંતરંગ જીવન વિશે એક પુસ્તક તૈયાર કરી ગુજરાતના શ્રી અરવિન્દ પરિવાર તરફથી સુન્દરમને શબ્દાંજલિ અર્પણ કરવી એવી પરિવારજનોની અભીપ્સા વ્યક્ત થઈ હતી. પુસ્તકનું લેખનકાર્ય કરવા માટે ‘અર્પણ’ ના તંત્રી શ્રી કિરીટભાઈને વિનંતિ કરવામાં આવી હતી, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કરી પુસ્તકનું લેખનકાર્ય માર્ચ, ૨૦૦૮માં પૂર્ણ કરી આપ્યું હતું. એનું મુદ્રણકાર્ય હાલ ચાલી રહ્યું છે. ડેમી ૧/૮ સાઇઝના ૩૩૦ પાનાંના પ્રસ્તુત પુસ્તકમાં ૧૪ પ્રકરણો અને ઉપોદ્‌ઘાતમાં સુન્દરમ્‌નું બાહ્યજીવન, એની ભીતર વહેતો આંતરપ્રવાહ, તેમજ સુન્દરમે આદરેલ પૂર્ણયોગની સાધના (એમના ઉદ્‌ગારોના માધ્યમ દ્વારા) તેમજ સાધનાના અંગરૂપ તેમણે કરેલ કાર્ય વિશે પ્રમાણભૂત માહિતી સહિતનું પ્રાસાદિક આલેખન થયેલું છે. પૂર્ણયોગ, પૂર્ણયોગની વિશિષ્ટ સંજ્ઞાઓ અને ‘દક્ષિણા’ માસિકમાં શ્રી અરવિન્દના યોગ વિશે જે સમજૂતી આપવામાં આવી છે તેનો સારાંશ આ પુસ્તકમાં સમાવાયેલો જોવા મળશે.

આશા છે. પુસ્તક એક મહિનામાં પ્રકાશમાં આવી જશે. સારા કાગળ પર સુંદર છાપકામ સહિત પાકાપૂઠાંની બાંધણીવાળા આ પુસ્તકની પડતર કિંમત રૂા. ૧૦૦/- થવા સંભવ છે. આગોતરા ગ્રાહકો માટે પુસ્તકની કિંમત રૂા. ૫૦/- રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રો, સુન્દરમ્‌ના સ્નેહીજનો અને એમનો વિશાળ પ્રશંસક વર્ગ આ યોજનાનો લાભ લઈ પુસ્તકને આવકાર આપશે એવી અમારી શ્રદ્ધા છે. રૂા. ૫૦/- ઉપરાંત વધારાનું સ્વૈચ્છિક અર્પણ પણ આવકાર્ય છે. સ્વૈચ્છિક અર્પણ આવશે જ એવી શ્રદ્ધા હોવાથી અમે ‘આગોતરા ગ્રાહક યોજના’ તૈયાર કરી છે. વાચકોને ઓછામાં ઓછી કિંમતે પુસ્તક મળે એવો અમારો પ્રયત્ન છે. ‘આગોતરા ગ્રાહક યોજના’ તેમજ સ્વૈચ્છિક અર્પણ માટે રકમ ‘શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરા’ ના નામનો બેંક ડીમાન્ડ ડ્રાફટ, શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧ને મોકલી આપવો. સૌના સહકારની અપેક્ષા સહ.

❀



શ્રી અરવિન્દના પોંડિચેરી ગમનની શતાબ્દીની ઉજવણીના ભાગ રૂપ તા. ૮, ૯, ૧૦ અને ૧૫ ઓગસ્ટના ૨૦૦૯ના રોજ આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી અમૃતધારા કાર્યક્મ અંતર્ગત - સવારે ૬.૩૦ કલાકે શ્રી પરાશરભાઇ દ્વિવેદીના વાર્તાલાપો પ્રસારિત થનાર છે. વાર્તાલાપોના વિષયો છે : ભારતીય સંસ્કૃતિ, સમર્પણ, શાન્તિ, અને ૧૫-૮-૪૭નો શ્રી અરવિન્દનો સંદેશ.

## સાભાર સ્વીકાર -

**નિજાનંદ -** જયંતીભાઇ શાહ, ૧૯, આરાધના સોસાયટી, અલકાપુરી, વડોદરા. ૩૩ નાનાં કાવ્યોનો સંગ્રહ - હૃદયમાં ઉઠતા ભાવોને અપાયેલો કાવ્યદેહ.

**સ્તવરાજ -** રમેશ જે વૈદ્ય - પૃષ્ઠ ૪૬ - મહાભારતમાંના ભીષ્મસ્તવરાજનો સમશ્લોકી અનુવાદ.

**સાંજ -** રમેશ વૈદ્ય - કાવ્ય સંગ્રહ - પૃષ્ઠ-૭૨. મૂલ્ય રૂા. ૫૦ પ્રકાશક - ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. ૧-૨ અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

❀

વાર્ષિક શૈક્ષણિક શિબિરનું આયોજન ૨૦ થી ૨૭ મે ૨૦૦૯ દરમિયાન શ્રી અરવિન્દ સોસાયટી બીચ ઓફિસ પોંડિચેરી મુકામે કરવામાં આવ્યું હતું. ભારતના જુદા જુદા ભાગોમાંથી આવેલા શિબિરાર્થીઓએ સાચું શિક્ષણ કેવું હોઈ શકે એનો વિગતવાર અભ્યાસ કર્યો.

❀

# Notice for the Annual General Meeting

The Annual General Meeting of the members of Sri Aurobindo Society will be held on Saturday, the 12th September 2009, at 4.00 p.m. at its registered office, **Sri Aurobindo Bhavan, 8, Shakespeare Sarani, Kolkata - 700 071,** to transact the following business :

1. To confirm the minutes of the last Annual General Meeting held on 13th September 2008.
2. To consider and approve the audited Balance Sheet and Income & Expenditure Account of the Society for the year ended 31.03.2009.
3. To consider and adopt the Executive Committee's Annual Report of Activities for the year 2008-2009.
4. To appoint an auditor for the Society for the year 2009-2010.
5. To consider any other matter with the permission of the chair.

1st August 2009 — ***(Pradeep Narang)***
Puducherry — Chairman

**Note :** The members are entitled to appoint proxy. Proxies must be deposited at the Registered Office of the Society, No. 8, Shakespeare Sarani, Kolkata - 700 071, during office hours, in advance but not less than 48 hours before the time of the meeting. The proxy should be a member of the Society. Proxy forms can be obtained from Sri Aurobindo Society's Regd. Office at Kolkata or Head Office at Puducherry.

## Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

શ્રી માતાજીના સાચા બાળક બની રહેવાનો પ્રયત્ન કરો : એ ત્યાં, તમારી અંદર જ વિદ્યમાન છે. પરંતુ તમારું બાહ્ય મન ક્ષુદ્ર અને નકામી વસ્તુઓમાં રાચતું રહે છે અને મોટેભાગે એ વસ્તુઓ વિશે આવેશપૂર્વક ગરબડ કરતું રહે છે.

શ્રી અરવિન્દ



સાચે જ, સમગ્ર જીવન એ પ્રેમ છે; જો આપણે જીવન કેવી રીતે જીવવું એ જાણી લઈએ તો.

❋

માણસ જો દિવ્ય પ્રેમ પ્રત્યે અભિમુખ ન હોય તો જ એને બાહ્ય રીતે એકલતા લાગે છે.

❋

પ્રેમ માટેની એક એવી તરસ હોય છે, જેને કોઈ માનવ પ્રેમ છીપાવી શકતો નથી. ફક્ત ઈશ્વરનો પ્રેમ જ એ તરસને સંતોષી શકે છે.

❋

બે માનવો વચ્ચેના સંબંધોમાં ગમે તેટલી નિષ્ઠા, સરળતા અને પવિત્રતા હોય છતાં પણ એ સંબંધ તેમને ઓછેવત્તે અંશે દિવ્ય શક્તિના સીધેસીધા સંપર્કથી વિમુખ કરી દે છે અને તેઓની પોતાની માનવીય શક્તિઓની ક્ષમતાના પ્રમાણમાં એ દિવ્ય પ્રેમનાં બળ, પ્રકાશ અને શક્તિને મર્યાદિત કરી નાંખે છે.

❋

તમે જ્યારે ઈશ્વરના પ્રેમ સાથે સંપર્કમાં આવો છો ત્યારે તમે દરેક વસ્તુ અને દરેક સંજોગોમાં એ પ્રેમનાં જ દર્શન કરો છો.

❋

માણસ જ્યારે ઈશ્વરીય પ્રેમને પ્રાપ્ત કરી લે છે, ત્યારે સર્વ માનવોમાં રહેલા ઈશ્વરને જ પ્રેમ કરવા લાગે છે. પછી એમાં ભેદ રહેતો નથી.

શ્રી માતાજી

(અંક ૧૧ : વર્ષ ૩૩)
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ છૂટક અંક : રૂા. ૧૫
Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

***– શ્રી અરવિન્દ***

*

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૫-૦૦**
વાર્ષિક લવાજમ ભારતમાં **રૂા. ૧૫૦** આજીવન **રૂા. ૧૨૦૦**
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન **ડોલર ૨૫** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૫**

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

*